dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 8 | Issue- 48 | AD - 2024, kartak Vad - 06 | Thursday, Dt.21-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ૧૦માંથી ૬ એક્ઝિટ પોલમાં ભાજપ ગઠબંધન આગળ

## એક્ઝિટ પોલમાં મહારાષ્ટ્રમાં ભાજપ ગઠબંધન તો ઝારખંડમાં કાંટાની ટક્કર

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૦

મહારાષ્ટ્રની ૨૮૮ સભ્યોની વિધાનસભા માટે આજે સવારે સાત વાગ્યાથી સખ્ત સુરક્ષા વચ્ચે મતદાન શરૂ થયું હતું. સવારે મતદાન ધીમી ગતિએ ચાલુ થયું હતું પરંતુ બપોરે મતદાનની ટકાવારીમાં વધારો થયો હતો. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ફિલ્મ સ્ટાર, ક્રિકેટરો સહિતની હસ્તીઓએ મતદાન કર્યું હતું. મહારાષ્ટ્રમાં એકદરે ૫૮ ટકા જેટલું મતદાન થયું હતું. કેટલાક સ્થળોએ સામાન્ય ઝપાઝપીને બાદ કરતા કોઈ મોટો અપ્રિય બનાવ બન્યો ન હતો. શાસક 'મહાયુતિ' ગઠબંધન આ ચૂંટણીમાં સત્તા જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે, ત્યારે વિપક્ષી ગઠબંધન મહાવિકાસ અઘાડી સત્તામાં ભવ્ય વાપસીની આશા રાખી રહ્યું છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે મુંબઈમાં અભિનેતા સલમાન ખાન, પ્રખ્યાત લેખક સલીમ ખાન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી, તેમના પુત્ર અનંત અંબાણી સહિત અનેક હસ્તીઓએ



મતદાન કર્યું હતું. જયારે ઝારખંડમાં બીજા તબક્કામાં ૩૮ બેઠકો માટે મતદાન થયું હતું. બીજા તબક્કામાં સરેરાશ ૬૮ ટકા જેટલું મતદાન થયું છે. મતદારોએ નકસલીઓનો ભય રાખ્યા વિના ભારે ઉત્સાહ સાથે મતદાન કર્યુ હતું. બીજા તબક્કામાં બાબુલાલ મરાંડી, કલ્પના સોરેન, હેમંત સોરેનના ભાવિનો નિર્ણય મતદારોએ કરી લીધો છે. ઝારખંડમાં સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું જેમાં ૧૪,૨૧૮ મતદાન મથકો પર મતદાન હાથ ધરાયું હતું. પ્રથમ તબક્કા માટે ૧૩ નવેમ્બરે મતદાન થયું હતું. ચૂંટણીના પરિણામો ૨૩ નવેમ્બરે જાહેર થશે. વાસ્તવમાં ઝારખંડ મુક્તિ મોરચા, ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પાર્ટી વચ્ચે સ્પર્ધા છે. મહારાષ્ટ્રમાં બેઠકો પર મહાવિકાસ અઘાડી અને એનડીએના ઘટક પક્ષો વચ્ચે નજીકનો મુકાબલો થઈ શકે છે.

**વિવિધ Exit Pollના અંદાજ**

| | ભાજપ + | કોંગ્રેસ + | અન્ય + |
|---|---|---|---|
| મૈટ્રિઝે એક્ઝિટ પોલ | ૧૫૦-૧૭૦ | ૧૧૦-૧૩૦ | ૮-૧૦ |
| ચાણક્ય એક્ઝિટ પોલ | ૧૫૨-૧૬૦ | ૧૧૦-૧૩૮ | ૬-૮ |
| પોલ ડાયરી એક્ઝિટ પોલ | ૧૧૨-૧૮૬ | ૬૯-૧૨૧ | ૧૨-૨૯ |
| PMARQ પોલ | ૧૩૭-૧૫૭ | ૧૨૬-૧૪૬ | ૨-૮ |
| મહા એક્ઝિટ પોલ | ૧૫૨ | ૧૨૩ | ૧૦ |


**હાલ મહારાષ્ટ્ર વિધાનસભાની શું છે સ્થિતિ**

મહારાષ્ટ્ર વિધાનસભામાં કુલ ૨૮૮ સીટ છે, જેમાં બહુમત માટે ૧૪૫નો આંકડો છે. વર્તમાન વિધાનસભાનો કાર્યકાળ ૨૬મી નવેમ્બરે પૂરો થશે, જ્યારે વર્તમાન વિધાનસભામાં ભાજપના ૧૦૩ વિધાનસભ્ય છે, જેમાં એકનાથ શિંદેની શિવસેનાના ૩૭ તથા એનસીપી (અજિત પવાર)ના ૩૯ વિધાનસભ્ય છે.

## ગયાના અને બાર્બાડોસે પીએમ મોદીને સર્વોચ્ચ સન્માન આપવાની જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૨૦

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓમાંના એક છે. પીએમ મોદી હાલ ત્રણ દેશોના પ્રવાસે છે. સૌપ્રથમ તે નાઈજીરીયા ગયા હતા. આ પછી તે જી-૨૦ સમિટમાં ભાગ લેવા માટે બ્રાઝિલના રિયો ડી જાનેરો શહેરમાં ગયા હતા. તે જ સમયે,



મુલાકાતના અંતિમ તબક્કામાં, પીએમ મોદી બુધવારે ગયાના પહોંચ્યા. હવે ગયાના અને બાર્બાડોસે પીએમ મોદીને તેમના સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત કરવાની જાહેરાત કરી છે.

ગયાના અને બાર્બાડોસે પીએમ મોદીને તેમના સૌથી મોટા રાજકીય પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે. અહેવાલો અનુસાર, ગયાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર "ધ ઓર્ડર ઓફ એક્સેલન્સ" એનાયત કરશે. તે જ સમયે, બાર્બાડોસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રતિષ્ઠિત માનદ "ઓર્ડર ઓફ ફ્રીડમ ઓફ બાર્બાડોસ" થી સન્માનિત કરશે. ૫૦ થી વધુ વર્ષોમાં આ પ્રથમ વખત છે જ્યારે કોઈ ભારતીય વડાપ્રધાન ગયાનાની મુલાકાતે ગયા છે.

## દિલ્હી સરકારે ગંભીર પ્રદૂષણની સ્થિતીને કારણે "વર્કફ્રોમહોમ" પોલિસી લાગુ કરાશે


નવીદિલ્હી,તા.૨૦

પ્રદૂષણને કારણે દિલ્હીમાં સ્થિતિ ખરાબ છે. આવી સ્થિતિમાં દિલ્હી સરકારે મોટો નિર્ણય લીધો છે. દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડવા માટે દિલ્હી સરકારે સરકારી ઓફિસોમાં વર્ક ફ્રોમ હોમ પોલિસી લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય હેઠળ દિલ્હી સરકારના ૫૦% કર્મચારીઓ ઘરેથી કામ કરશે. તેના અમલીકરણ માટે આજે બપોરે ૧ વાગ્યે સચિવાલયમાં અધિકારીઓ સાથે બેઠક યોજાશે. દિલ્હીના પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે મંગળવારે કહ્યું હતું કે



શહેરની બગડતી હવાની ગુણવત્તાને પહોંચી વળવા માટે ઘરેથી કામ કરવાના પગલાં અને ઓડ-ઈવન સ્કીમ લાગુ કરવા અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. ગોપાલ રાયે કહ્યું હતું કે બાળકો અને વરિષ્ઠ નાગરિકો સહિત લોકો શ્વાસ લેવા માટે સંઘર્ષ કરી રહ્યા છે અને અમને આ સ્થિતિનો ખૂબ જ અફસોસ છે. તેમણે કહ્યું હતું કે રવિવારથી દિલ્હીમાં હવાની ગુણવત્તા ગંભીર પ્લસ શ્રેણીમાં રહી છે. દિલ્હીની ખાનગી અને સરકારી કંપનીઓમાં ઘરેથી કામ લાગુ કરવા અંગે મંત્રીએ કહ્યું હતું કે અમે આ અંગે ટૂંક સમયમાં નિર્ણય લઈશું.

શ્રદ્ધાંજલી



સૂર્યાસ્તે સૂરજનું આથમવું એ સ્વાભાવિક છે પણ
તારી નાનપણ તણી દુનિયા હજુ તો યુવાનીમાં પહોંચી હતી
ત્યાં આમ મધ્યાહને આથમવું અતિ દોહ્યલુ છે. હજુ તો આંગનમાં
રમતો ભમતો તું અમ આંખ તણી રોશની હતો. ત્યાં ઈશ્વરને
ખજાને શું ખોટ પડી કે અમારા આ હસતા ખીલતા ચહેરાની
અમ વચ્ચેથી ચીર વિદાય થઈ. હે ઈશ્વર ! તારા ચરણોમાં
તે બોલાવી લીધો. તારો નિર્મળ અને
સદાય હસતો ચહેરો, સદૈવ તારી સાથેના સંસ્મરણો
અમ હૃદયમાં અંકિત રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય
આત્માને શાંતિ અર્પે એવી અભ્યર્થના

સ્વ.પાવન કિશોરભાઈ પટેલ (ભાયાણી)
સ્વ.તા.૧૭-૧૧-૨૦૨૪

સદગતનું બેસણુ
તારીખ ૨૧-૧૧-૨૦૨૪ ગુરૂવાર ના રોજ
બપોરે ૨ થી ૫ વતન નાના રાજકોટ,
તા.લાઠી, જીલ્લો અમરેલી ખાતે રાખેલ છે.

લી.

કિશોરભાઈ દેવચંદભાઈ પટેલ (ભાયાણી)
સંજયભાઈ ત્રિભોવનભાઈ ગૌદાની
કાળુભાઈ શંભુભાઈ માલાણી
ઘનશ્યામભાઈ કાળુભાઈ માલાણી
ઉત્સવભાઈ સંજયભાઈ ગૌદાની
જેરામભાઈ ખોડાભાઈ શેલડીયા
કમલેશભાઈ જેરામભાઈ શેલડીયા

સર્જન કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ પરિવાર - રાજુલા

# જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં પાણી અને ગંદકીની સમસ્યા, રહીશોમાં રોષ

અમરેલી,તા.૨૦

જાફરાબાદ તાલુકાના સામાકાંઠા વિસ્તારમાં રહેતા લોકો પાણી અને ગંદકીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. વોર્ડ નંબર ૩ અને ૪ના રહીશોએ જાફરાબાદ નગરપાલિકા અને મામલતદાર કચેરીને લેખિતમાં રજૂઆત કરી છે. રહીશોના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં પીવાનું પાણી અનિયમિત મળે છે. ૨૦ થી ૨૨ દિવસે એકવાર જ પાણી આવતું હોવાથી લોકોને પાણી માટે વલખા મારવા પડે છે. આ વિસ્તારમાં ખારાશવાળું પાણી હોવાથી બોરિંગ કે દારની વ્યવસ્થા કરી શકાતી નથી. આ સમસ્યાને લઈને પહેલા પણ રજૂઆત કરવામાં આવી હતી પરંતુ કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા ન હતા. રાણા બાલાના રામાપીર મંદિરની બાજુમાં આવેલ શોષખાડામાં પાણીનું શોષણ ન થતાં ગંદકી ફેલાયેલી છે અને જીવાતો પણ ઉત્પન્ન થઈ છે. નકટાની વાવ અને લોકીવિરાની બાજુમાં આવેલ શોષખાડામાં પણ સમાન સ્થિતિ છે. આના કારણે આસપાસના રહેવાસીઓના આરોગ્યને જોખમ છે. ધર્મેશભાઈએ નગરપાલિકા, મામલતદાર કચેરી અને કલેક્ટર કચેરીને અરજી કરી છે. તેમણે ચેતવણી આપી છે કે, જો યોગ્ય પગલાં ન લેવામાં આવે તો નાગરિકો ગાંધી ચિંધ્યા માર્ગે જન આંદોલન કરશે.

# કુંકાવાવથી સુરતની ટ્રેન તાત્કાલીક શરૂ કરવા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકારીયાને રજૂઆત

અમરેલી,તા.૨૦



સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરીયાએ કુંકાવાવથી સુરત ટ્રેન શરૂ કરવા માગણી કરી છે. તેમના જણાવ્યા અનુસાર બગસરા, વડીયા, કુંકાવાવ, અમરેલી, ધારી સહિતના વિસ્તારમાં રહેતા લોકોને લાભ મળી રહે તે માટે આ ટ્રેનની સુવિધા શરૂ થાય તે ખૂબ જરૂરી છે. આ તમામ તાલુકામાંથી મોટાભાગના લોકોને સુરત સાથે આર્થિક અને સામાજિક જોડાણ છે. જેને ધ્યાનમાં રાખી મહુવાથી સુરત ટ્રેન મુજબ કુંકાવાવથી સુરત ટ્રેનની સુવિધા શરૂ કરવામાં આવે તો મુસાફરોને સરળતા થઈ શકે તેમ છે. તહેવારોના સમયમાં લોકોના ધસારાને ધ્યાનમાં લઇ ટ્રાવેલ્સ સંચાલકો ભાડામાં તોતિંગ વધારો કરે છે તેવા સમયે ગરીબ લોકોને પોતાના ઘરે આવવા જવા માટે રેલવેથી સસ્તી સુવિધા કોઈ આપી શકે તેમ નથી, તેથી આ બાબતે તાત્કાલિક નિર્ણય કરી ટ્રેન શરૂ કરવા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયાને રજૂઆત કરી છે.

# મહારાષ્ટ્રમાં ધારાસભ્ય જે.વી. કાકડીયાનું પ્રચાર અભિયાન



અમરેલી,તા.૨૦

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પ્રચાર અભિયાન દરમિયાન આજે ગુજરાતના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ધુલે જિલ્લાના શિંદખેડા વિધાનસભા ક્ષેત્રની મુલાકાત લીધી હતી. તેમણે ભાજપના ઉમેદવાર અને મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને ભાજપના ઉમેદવાર જયકુમાર રાવલના સમર્થનમાં પ્રચાર કર્યો.

# અમરેલીમાં ડાયાબિટીસ મુક્તિ માટે વિશેષ યોગ શિબિરનો પ્રારંભ

**ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૫ દિવસીય નિઃશુલ્ક શિબિરનું આયોજન**



અમરેલી,તા.૨૦

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે 'ડાયાબિટીસ મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત અમરેલીની સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ખાતે ૧૪થી ૨૮ નવેમ્બર સુધી વિશેષ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરનો શુભારંભ ૧૪ નવેમ્બરના રોજ અમરેલીના પ્રતિષ્ઠિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે જિલ્લા આરોગ્ય વિભાગની ટીમે શિબિરમાં આવેલા દર્દીઓનું હેલ્થ ચેકઅપ કર્યું હતું. શિબિર દરરોજ સવારે ૬થી ૮ દરમિયાન યોજાય છે.

# પી.એમ. કિસાન યોજના અંતર્ગત ખેડૂતો જાતે નોંધણી કરી શકશે

અમરેલી,તા.૨૦

અમરેલીમાં પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીને આ લાભ મેળવવા તા. ૨૫ નવેમ્બર, ૨૦૨૪ પહેલા નોંધણી પ્રક્રિયા કરાશે. ખેડૂતોએ આધાર કાર્ડ, આધાર કાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર અને ૮-અ નકલ, ૭-૧૨ નકલની વિગત સાથે વધુ વિગતો માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વિ.સી.ઇ.)નો સંપર્ક કરવો. ખેડૂતમિત્રો પોતે જાતે પણ ખેડૂત નોંધણી કરી શકે તે માટે ગુગલ પ્લે સ્ટોરમાંથી લીંક https://play.google.com/stroe/apps/details?id=com.agristack.gj.farmerregistry&pcampaignid=web_share દ્વારા એગ્રીસ્ટેકની એપ્લીકેશન ડાઉનલોડ કરી નોંધણી કરી શકશે. વધુ જાણકારી માટે તાલુકા વિકાસ અધિકારી/મામલતદારનો સંપર્ક કરવા જણાવ્યું છે.

# સાવરકુંડલામાં જરૂરિયાતમંદોને મુંબઈના જૈન પરિવાર દ્વારા ૫૦૦ ટી-શર્ટનું વિતરણ

**ઉદારતા ચેરિટેબલ ટ્રસ્ટ ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે વિતરણ કાર્યક્રમ યોજાયો**



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલા શહેરના છેવાડાના વિસ્તારો અને ઝૂંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ લોકો માટે મુંબઈના જૈન પરિવાર દ્વારા માનવતાની મહેક પ્રસરાવતી પહેલ કરવામાં આવી છે. મૂળ રાજસ્થાનના અને હાલ મુંબઈમાં સ્થાયી હનુમાનજી જૈન, વંદનાબેન જૈન તથા દિશુબેન અને નિમિતભાઈ દ્વારા ૫૦૦ નવા ટી-શર્ટનું વિતરણ કરવામાં આવ્યું. ટી-શર્ટ એક્સપોર્ટનો વ્યવસાય ધરાવતા આ જૈન પરિવાર દર વર્ષે સાવરકુંડલા તાલુકાના જરૂરિયાતમંદ બાળકો, યુવાનો અને વડીલો માટે ૫૦૦ ટી-શર્ટ જૈન સમાજના અગ્રણી જયેશભાઈ માટલીયા મારફતે મોકલે છે.

આ વર્ષે હાથસણી રોડ સ્થિત ઉદારતા ચેરિટેબલ ટ્રસ્ટ ખાતે વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, ગૌસેવક જયેશભાઈ માટલીયા, નિવૃત્ત ફોજી અતુલભાઈ જાની, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શરદભાઈ પંડ્યા, ટ્રસ્ટના ધારાબેન ગોહિલ, સેવાભાવી નિકુલભાઈ ગેડીયા અને અમીતગીરી ગોસ્વામી સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી.

# ગાધકડા ગામે નવું તળાવ બનાવવા માટે જીતુ કાછડીયાની સિંચાઈ મંત્રીને રજૂઆત

સાવરકુંડલા,તા.૨૦



સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જે.કે. કાછડીયાએ સાવરકુંડલા તાલુકાના ગાધકડા (ગણેશગઢ) ગામે નવું તળાવ બનાવવા માટે સિંચાઈ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને પત્ર લખીને રજૂઆત કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, ગામમાં સરકારી પડતર જમીન ખૂબ જ મોટા પ્રમાણમાં આવેલ છે જે ભનુભાઈ બોરડના ખેતરની બાજુમાં નવું તળાવ બનાવવા અંગેની છેલ્લા ૧૦ માસ અગાઉ ગામ લોકોએ રજૂઆત કરી હતી. જેના અનુસંધાને ધારાસભ્ય દ્વારા સંબંધિત અધિકારીઓને સાથે રાખીને રૂબરૂ સ્થળ ચકાસણી કરી હતી અને તે મુજબ તળાવ બનાવવા માટેની કાર્યવાહી કરવા અંગેની જરૂરી સૂચનાઓ જે તે વખતે આપી હતી. આ અંગેની રજુઆત સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પણ કરવામાં આવી છે.

# જાફરાબાદ તાલુકામાં ટીબી દર્દીઓને પોષણયુક્ત કિટનું વિતરણ કરાયું

જાફરાબાદ,તા.૨૦



પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત જાફરાબાદ તાલુકામાં તમામ ટીબી દર્દીઓને પોષણયુક્ત કિટનું વિતરણ કરવામાં આવ્યું, જેમાં અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીનો સહયોગ પ્રાપ્ત થયો હતો. જાફરાબાદ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ટાંક અને તાલુકા સુપરવાઈઝર સંદીપભાઈ જોષીના નેતૃત્વમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પેશન્ટ પ્રોવાઈડર મિટિંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મેડિકલ ઓફિસર ડો. વાઘ, MPHW કરણભાઈ, ફાર્માસિસ્ટ, લેબોરેટરી ટેકનિશિયન અને હશુ દાદા સહિતના આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠી તાલુકામાં જેમ પોર્ટલના પેન્ડિંગ કામો અંગે વિજયભાઈ બારડની રજૂઆત

લાઠી,તા.૨૦



લાઠી તાલુકામાં એક થી અઢી વર્ષ પહેલાં મંજૂર થયેલા જેમ પોર્ટલ હેઠળના વિકાસ કામો હજુ સુધી શરૂ ન થતાં વિજયભાઈ બારડે આ મુદ્દે ગંભીર રજૂઆત કરી છે. આ કામોમાં સી.સી.ટી.વી. કેમેરા, એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ, આર.ઓ. વોટર કૂલર, સ્માર્ટ ક્લાસરૂમ અને ટ્રેક્ટર-ટ્રોલી જેવા મહત્વના વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે. ગુજરાત સરકારની ગાઈડલાઈન મુજબ એક લાખથી નીચેની રકમના કામો માટે એલ-વન અને એક લાખથી ઉપરની રકમના કામો માટે બિડ પ્રક્રિયા કરવાની હોય છે. પરંતુ તાલુકા પંચાયત કચેરી દ્વારા આ પ્રક્રિયા શરૂ કરવામાં આવતી નથી. ગામના સરપંચોની વારંવારની રજૂઆતો છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. ૧૫મું નાણાપંચ, ૧૫% વિવેકાધીન તાલુકા કક્ષા આયોજન, જિલ્લા આયોજન અને એ.ટી.વી.ટી. યોજના હેઠળ મંજૂર થયેલા કામો પણ પેન્ડિંગ છે. જેથી વિજયભાઈ બારડે પત્ર દ્વારા માંગણી કરી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# બગસરામાં અધિકારીની સૂચના છતાં એસ.ટી. ડેપોની મનમાની યથાવત

**ફરીથી એક સાથે ૫ બસ બંધ કરાતા પેસેન્જરો પરેશાન**

બગસરા તા. ૨૦

બગસરામાં આજે ફરીથી એસ.ટી. ડેપો દ્વારા અનેક રૂટ બંધ કરી દેવામાં આવ્યા હોવાથી મુસાફરો પરેશાન થઈ ગયા હતા. ગઈકાલે અમરેલી વિભાગીય નિયામક દ્વારા ડેપોની મુલાકાત લેવામાં આવી હતી. તેમણે આવી રીતે અવારનવાર રૂટો બંધ કેમ કરી દેવામાં આવે છે તેવા વેધક પ્રશ્નો પૂછીને હવે પછી તમામ બસ બંધ છે તે ચાલુ કરવાની કડક સૂચના આપી હતી. પરંતુ અધિકારીની સૂચનાને નજરઅંદાજ કરીને આજે ફરી પાછી ૫ બસ બંધ કરવામાં આવી હતી. જેમાં સવારે ૫:૩૦ કલાકે ઉપડતી બગસરા રાજકોટ વાયા જેતપુર, ૫:૩૦ કલાકે ઉપડતી બગસરા જૂનાગઢ, સવારના ૫:૧૫ કલાકે ઉપડતી બગસરા સાવરકુંડલા અને બપોરના ૧:૩૦ કલાકે ઉપડતી બગસરા સાવરકુંડલા જેવી અનેક બસનો સમાવેશ થાય છે. બસ બંધ કરી હોવાથી પેસેન્જરો પરેશાન થઈ ગયા હતા. ગઈકાલથી સ્કૂલો પણ શરૂ થઈ હોવાથી વિદ્યાર્થીઓ પણ નિયત સમયમાં સ્કૂલે પહોંચી શકતા નથી અને તેમનો અભ્યાસ પણ બગડે છે. લોકોનો આક્ષેપ છે કે, અહીંયા અધિકારીઓ દ્વારા પોતાની મનમાની કરી ખાનગી વાહનોને પ્રોત્સાહન આપી રહેલ છે, તેથી આવા અધિકારી ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# અમરેલી LCBએ નકલી પોલીસ ઝડપ્યો

**બસ સ્ટેન્ડ વિસ્તારમાં પોલીસની વર્દીમાં આંટાફેરા મારતો હતો, પૂછપરછમાં ખુલાસો**

અમરેલી, તા.૨૦

અમરેલી શહેરના બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી એક નકલી પોલીસ કર્મચારી ઝડપાઈ જવા પામ્યો છે. પોલીસ કર્મચારી ન હોવા છતાં પોલીસનો યુનિફોર્મ પહેરીને આંટાફેરા મારતા શખ્સને અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ શંકાના આધારે અટકાવ્યો



હતો. LCB દ્વારા કરવામાં આવેલી પૂછપરછ દરમિયાન આ શખ્સ પોલીસ કર્મચારી ન હોવાની વિગતો સામે આવી હતી. પકડાયેલા આરોપીની ઓળખ ઉમેશ રાહુલભાઈ વસાવા (ઉ.વ.૩૧) તરીકે થઈ છે. LCB એ આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**નકલી પોલીસનો ગુનાહિત ઇતિહાસ**

નકલી પોલીસ તરીકે અમરેલી એલસીબીના હાથે પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસ પણ સામે આવ્યો છે. ભરૂચ ભરૂચમાં પોકસોના આરોપી તરીકે જેલમાંથી પેરોલ પર બહાર આવ્યા બાદ ફરાર થઈ ગયો હતો અને અમરેલી જિલ્લામાં નકલી પોલીસ બનીને ઘણા ઉઘરાણા કર્યા હોવાનું પણ સામે આવ્યું છે. સ્કૂલે જતા બાળકો, રીક્ષા ચાલકો સહિતના વાહન ચાલકો પાસેથી પણ પોલીસના નામે ઉઘરાણી કરી હોવાનું બહાર આવ્યું છે.

# રાજુલા પંથકમાં મમતા દિવસ નિમિત્તે બાળકો અને સગર્ભાઓને આરોગ્ય સેવાઓ અપાઈ

રાજુલા, તા.૨૦

રાજુલા તાલુકાના અગાઉથી નક્કી કરેલ ૨૧ સ્થળો પર બુધવારે ૩૧૦ માતા અને બાળકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાઓ અપાઈ હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. નિલેશ વી. કલસરીયા દ્વારા દાતરડી ગામે આંગણવાડી કેન્દ્ર ખાતે આયોજિત મમતા દિવસની મુલાકાત લઈ આરોગ્ય સ્ટાફ દ્વારા અપાતી



આરોગ્ય સેવાઓ તેમજ રસીકરણ બાદ આપવામાં આવનાર પાંચ મુખ્ય સંદેશાની સમીક્ષા કરવામાં આવેલ હતી. મમતા દિવસમાં સગર્ભા માતાઓને વજન, ઉંચાઈ, બ્લડ રિપોર્ટ, યુરીન રિપોર્ટ, ધનુરનું ઈન્જેક્શન, લોહતત્વની ગોળીનું વિતરણ, બીપીની તપાસ અને પેટની તપાસ કરી મમતા કાર્ડ કાઢી આપવામાં આવે છે. જયારે પાંચ વર્ષથી નીચેના બાળકોને વજન અને રસીકરણ સેવાઓ તેમજ ધાત્રી માતાઓ અને ૧૦ થી ૧૯ વર્ષના કિશોર અને કિશોરીઓને લોહતત્વની ગોળી, તપાસ અને આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.

# બગસરાના શિંગાળા પરિવારે પુત્રની લગ્નવિધિ પહેલા રાષ્ટ્રગીતનું ગાન કરી નવો ચીલો ચાતર્યો

બગસરા તા. ૨૦

બગસરાના શિંગાળા પરિવાર દ્વારા તેમના પુત્રના લગ્ન પ્રસંગે પારંપરિક વિધિની શરૂઆત કરતા પૂર્વે રાષ્ટ્રગીતનું ગાન કરાવી દેશભક્તિ માટે નૂતન રાહ બતાવી હતી. વિગત અનુસાર બગસરાના સંજયભાઈ શિંગાળાના પુત્ર યશના લગ્ન પ્રસંગનું સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. પરિવારના પ્રથમ પ્રસંગ નિમિત્તે



પરિવાર દ્વારા સુંદર રાષ્ટ્રભક્તિનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં લગ્નની જાન મંડપ પર પહોંચે ત્યારબાદ શાસ્ત્રોત વિધિ કરવામાં આવતી હોય છે પરંતુ શિંગાળા પરિવાર દ્વારા આ વિધિ પૂર્વે જાન અને માંડવાના એક હજારથી વધુ લોકોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રગીતનું ગાન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ લગ્નની વિધિ શરૂ કરવામાં આવી હતી. વર-કન્યા દ્વારા આ સમયે રાષ્ટ્રધ્વજને સન્માન આપવામાં આવ્યું હતું.

# સાવરકુંડલામાં ઢોલીયાધાર ઉપર આવેલ વૃદ્ધાશ્રમની મોરારીબાપુએ મુલાકાત લીધી

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા બાયપાસ રોડ ઢોલીયાધાર ઉપર આવેલ વૃદ્ધાશ્રમની પ્રખર રામાયણી મોરારીબાપુ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. સંસ્થાના સ્થાપક નિર્માતા મીનીષા દીદીએ પૂજ્ય મોરારીબાપુ, પૂજ્ય ભક્તિરામ બાપુનું સ્વાગત કર્યું હતું. સંસ્થામાં નિરાધાર માનસિક હરિના



બાળકોનું આશ્રય સ્થાન જોઈને પૂજ્ય મોરારીબાપુએ મનીષાદીદીને શુભેચ્છાઓ સાથે તેમની સેવાને હૃદયથી બિરદાવી આ સેવાકીય કાર્યો કરવા માટે ખુશ થઈને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ડાયાભાઇ ખોડાભાઈ નાકરાણી (ઉ. વ:૯૧) તે હિંમતભાઈ ડાયાભાઈ નાકરાણી, ભોળાભાઈ ડાયાભાઈ નાકરાણી, સ્વ. મનસુખભાઇ ડાયાભાઈ નાકરાણી, ચતુરભાઈ ડાયાભાઈ નાકરાણી તથા દિનેશભાઈ ડાયાભાઈ નકારાણીના પિતાશ્રીનુ તા: ૧૯/૧૧/૨૪ ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્દગતનુ બેસણું તા: ૨૧/૧૧/૨૪ ને ગુરુવારના રોજ સવારે ૮ થી ૫ કલાકે શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતિ સમાજ વાડી શિવાજીનર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સમજુબેન લક્ષ્મીશંકર જોષી (ઉ.વ:૯૨) તે જિતેન્દ્રભાઈ લક્ષ્મીશંકર જોષીના માતૃશ્રીનું તા:૧૯/૧૧/૨૪ ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા:૨૧/૧૧/૨૪ ને ગુરુવારના રોજ બપોરે ૩:૦૦ થી ૬:૦૦ પરશુરામ ઉપવન વાડી ગર્લ્સ હાઈસ્કૂલની બાજુમાં કોલેજ રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

હાજી ઉસ્માનભાઈ સુલેમાનભાઈ રાઠોડ (લસણવાળા ) ઉ.વ: ૭૫ તે મુસિફ્ઞા હાજી ઉસ્માનભાઈ રાઠોડના પિતાનું તા ૧૯/૧૧/૨૪ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા. ૨૧/૧૧/૨૪ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાને મણિનગર મહુવા રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

રાકેશભાઈ મનસુખભાઇ કપોપરા (ઉ.વ: ૪૫) મોટા ભમોદ્રા તે મનસુખભાઈ માધુભાઈ કપોપરાના પુત્ર તથા હિમતભાઈ માધુભાઈ કપોપરા, પ્રવિણભાઈ માધુભાઈ કપોપરાના ભાઈ તથા સુમિતભાઈ મનસુખભાઈ કપોપરાના પિતાનું તા. ૧૬/૧૧/૨૪ ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા ૨૧/૧૧/૨૪ ને ગુરુવારના રોજ સવારે ૭ થી ૧૦ કલાકે મોટા ભમોદ્રા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ભાવનાબેન અશોકભાઈ પાનસુરીયા (ઉ.વ: ૪૫) તે અશોકભાઈ કાળુભાઈ પાનસુરીયાના પત્ની તથા ધાર્મિક અશોકભાઈ પાનસુરીયા્ના માતુશ્રી તા. ૧૮/૧૧/૨૪ ને સોમવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. સદ્દગનું બેસણું તા. ૨૧/૧૧/૨૪ ને ગુરુવારના રોજ સવારે ૮ થી સાંજે ૫ કલાક સુધી અમારા નિવાસ સ્થાને પરિમલ સોસાયટી વી-૨ નેસડી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**અમરેલી**

અમરેલી નિવાસી રાજેશભાઈ પંડ્યા (ઉ.વ.૬૪) તે સ્વ. જયંતીલાલ લક્ષ્મીશંકર પંડ્યાના પુત્ર, હરેશભાઈ, મહેશભાઈ, કમલભાઈ, નરેશભાઈના ભાઈ, કેવલ, પાયલ, બંસી, ક્રિષ્નાના પિતાનું તા. ૧૯ના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૨૧ને ગુરુવારના રોજ સાંજના ૪થી ૬ દત્ત મંદિર, સત્સંગ હોલ, ચિત્તલ રોડ, અમરેલી ખાતે રાખેલ છે.












## -//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૯૮/૨૦૨૪

**અરજદાર :-** શ્રી જયંતીભાઈ પ્રાગજીભાઈ ગજેરા
રહે. સણોસરા, તા. જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી.
મુ.સણોસરા, તા. જિ.અમરેલી.

### ::જાહેર નોટીસ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સણોસરા ગામના જયંતીભાઈ પ્રાગજીભાઈ ગજેરા તેઓના નાનાભાઈ સંજયભાઈ મધુભાઈ ગજેરાની જન્મ તા.૦૮/૧૦/૧૯૭૯ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય







# ગુનાહિત ઈતિહાસ ધરાવતા બે ઈસમોને ૧૦ મોબાઈલ સાથે રાજુલા પોલીસે ઝડપ્યા



ચલાલા, તા.૨૦

વિવિધ જિલ્લાઓમાં બની રહેલા મિલ્કત સંબંધી ગુનાઓ ડિટેક્ટ કરવા ઉચ્ચ અધિકારીઓએ સૂચના આપેલ છે. જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાએ ચોરી અથવા છળકપટથી મુદ્દામાલ મેળવી ગુનાને અંજામ આપી નાસી ગયેલ આરોપીઓને પકડવા પેટ્રોલિંગ અને ખાનગી બાતમીદારો દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી. આ પેટ્રોલિંગ દરમિયાન ખાનગી રાહે બાતમી મેળવી બે શકમંદ ઈસમોને ચોરી અથવા છળકપટથી મેળવેલ કુલ-૧૦ મોબાઈલ સાથે પકડીને ચલાલાના ઘરફોડ મોબાઈલ ચોરીના અનડિટેકટ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. પકડાયેલા આરોપીઓમાં (૧) અમીતભાઈ વિજયભાઈ સોલંકી ઉ.વ. ૨૪, ધંધો મજૂરી રહે.ચલાલા, દાનેવ સોસાયટી તા.ધારી અને (૨) અલ્પેશભાઈ મુકેશભાઈ સોલંકી ઉ.વ.૧૯ ધંધો મજૂરી રહે. ચલાલા, ફાટક પાસે તા.ધારીનો સમાવેશ થાય છે. આ આરોપીઓએ જૂનાગઢ લીલી પરિક્રમામાં ગયેલ ત્યારે અલગ અલગ લોકોની નજર ચુકવીને ખિસ્સામાંથી પાંચ ફોન કાઢી લઈ ચોરી કરેલ હોવાની કબુલાત કરી હતી. અગાઉ આ આરોપીઓ ચલાલા પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે.

# લાયન્સ કલબ દ્વારા ભુરખીયા ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો



અમરેલી, તા.૨૦

લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી), શ્રી ભુરખિયા હનુમાનજી ટ્રસ્ટ તથા શ્રી ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર - મુંબઈના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ૭૬મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ શ્રી ભુરખીયા હનુમાનજી મંદિર મુકામે યોજાયેલ હતો. આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ ડૉ. દર્શિતભાઈ ગોસાઈ દ્વારા કરવામાં આવી હતી. જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતી. તેમજ નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની પત્રિકાનું પણ વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૧૯ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી)ના ભદ્રેશસિંહ પરમાર, એમ.એમ. પટેલ, દિનેશભાઈ સોરઠીયા તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડૉ. દર્શિતભાઈ ગોસાઈ, શ્રી નિલેશભાઈ ભીલ, બહાદુરભાઈ ભટ્ટ વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# 'મને આ જમીનના પૈસા આપી દે નહીંતર જેલ ભેગા કરાવી દઈશ' કહી ગાળો આપી

**રાજુલા પ્રાંત કચેરી પાસે ઘટના બની**

રાજુલા, તા.૨૦

રાજુલામાં એક યુવકને ગાળો આપી 'મને આ જમીનના પૈસા આપી દો નહીંતર જેલ ભેગા કરાવી દઈશ' તેમ કહી ધમકી આપી હતી. બનાવ અંગે કિશોરભાઈ હમીરભાઈ ધાખડા (ઉ.વ.૫)એ નવચેતન પરમાર તથા અન્ય ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદો કડીયાળી ગામે સાંથળી જમીનના પ્રકરણને લઈ મામલતદાર કચેરી ગયા હતા. કચેરીના ગેટમાંથી બહાર નીકળતા હતા ત્યારે આરોપીએ આવી જેમ ફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી હતી. તેમજ મને આ જમીનના પૈસા આપી દો નહિતર હું તમને જેલ ભેગા કરાવી દઈશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ. કોલાદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં શિવાજીનગર સુધીના નવા રસ્તાનું ખાતમુહૂર્ત



સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા શહેરના મધ્ય વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર ૩માં આજે એક મહત્વપૂર્ણ માર્ગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ઝીંઝુડા ગેઈટ કોળીવાળા નાકાથી શિવાજીનગર આનંદ આશ્રમ સુધીના આ માર્ગનું ખાતમુહૂર્ત શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ અને વોર્ડના સદસ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થયું. છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ ખાડા-ખબડા અને જર્જરિત હાલતમાં હતો. સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની સૂચનાથી નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને પાલિકાના સત્તાધીશોએ નવા માર્ગને મંજૂરી આપી હતી. આ તકે વોર્ડ નંબર ૩ના રહીશો ભરતભાઈ વિછિયા દરબાર, નીલેશપરી ગોસ્વામી નીલાબાપુ, જીતુભાઈ ખાચર, અલ્પેશ કારિયા, હર્ષદભાઈ મિસ્ત્રી, બાબુભાઈ કળથિયા સગર સહિત અનેક સ્થાનિક રહીશોએ હાજરી આપી હતી અને નવા માર્ગના નિર્માણ અંગે ખુશી વ્યક્ત કરી હતી.

# રાજુલાના રાજપરડા ગામે ફેસબુક મેસેજ કરવા મુદ્દે યુવકને ધમકી આપી

**ગાળો બોલી મુંઢમાર પણ માર્યો**

ડુંગર, તા.૨૦

રાજુલાના રાજપરડા ગામે ફેસબુક મેસેજ કરવા મુદ્દે યુવકને ગાળો બોલી, મુંઢમાર મારવામાં આવ્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે હરેશભાઈ નરશીભાઈ સોલંકી (ઉ.વ.૪૨)એ તેમના જ ગામના પથુભાઈ રાણાભાઈ સોલંકી, મજીભાઈ ઉર્ફે રમેશ ભુપતભાઈ સોલંકી, રાકેશભાઈ વાલજીભાઈ સોલંકી તથા રવિભાઈ ગોબરભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, છ-એક મહિના પહેલા તેમના દીકરાને પથુભાઈ સોલંકીના દીકરાના પત્નીએ ફેસબુકથી મેસેજ કર્યો હતો. જેનું મનદુઃખ રાખી તેમને લાકડી મારી, તેમના દીકરાને લોખંડની પાઈપ મારી માથામાં ઈજા કરી હતી. જે બાદ આરોપીઓએ તેમને તથા સાહેદોને ગાળો આપી મુંઢમાર માર્યો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# એસ.ટી. પાસ રીન્યુઅલ માટે વિભાગીય નિયામકને રજૂઆત



અમરેલી, તા.૨૦

અમરેલીની કોલેજોમાં વિદ્યાર્થીઓની મુશ્કેલી દૂર કરવા પ્રા. જે.એમ.તળાવિયાએ એસ.ટી. વિભાગીય નિયામકને મહત્વની રજૂઆત કરી છે. દિવાળી વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓના એસ.ટી. પાસની મુદત પૂરી થઈ ગઈ છે, પરંતુ એસ.ટી. વિભાગ દ્વારા પાસ રીન્યુ કરવામાં આવતા નથી. કોલેજોનું પ્રથમ સત્ર તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પૂર્ણ થાય છે અને નવું સત્ર ૧૬ ડિસેમ્બરથી શરૂ થાય છે. વિશેષ મહત્વની બાબત એ છે કે તા. ૧૯ નવેમ્બર, ૨૦૨૪થી તમામ ફેકલ્ટીની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. પ્રા. તળાવિયાએ વિદ્યાર્થીઓની સુવિધા માટે આગામી એક માસના ગાળા માટે પાસ રીન્યુ કરવાની માંગ કરી છે, જેથી વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન સરળતાથી મુસાફરી કરી શકે. તેમણે આ અંગે કૌશિકભાઈ વેકરીયા અને ડેપો મેનેજર કરમટાને પણ પત્ર દ્વારા જાણ કરી છે.

# ચિતલ ખાતે ૭૧ મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમિનાર યોજાયો



અમરેલી, તા.૨૦

ગુજરાત રાજ્ય સહકારી સંઘના દિશાનિર્દેશો અનુસાર અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ચિતલ ખાતે ૭૧ મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા ઉદ્યોગ સાહસિકતા, રોજગાર અને કૌશલ્ય વિકાસનાં સંવર્ધનમાં સહકારિતા માટે સહકારી સંસ્થાઓ-મંડળીઓ વચ્ચે સહકારનું સુદઢીકરણની ભૂમિકા વિશે માહિતી આપી હતી. આ અવસરે અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી એ.પી.એમ.સી.ના ડાયરેક્ટર લાલજીભાઈ દેસાઈ, અમરેલી વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, અનેક સહકારી અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

# ચિતલ ગામે જકાતનાકા ત્રણ રસ્તા પર એસ.ટી. બસના ડ્રાઈવરે દાદાગીરી કરી

અમરેલી, તા.૨૦

અમરેલીના ચિતલ ગામે જકાતનાકા ત્રણ રસ્તા પર એસ.ટી. બસના ડ્રાઈવરે દાદાગીરી કરીને યુવકને લોખંડની ટોમીથી ફટાકાર્યો હતો. બનાવ અંગે મોટા માચીયાળા ગામે રહેતા મનોજભાઈ લક્ષ્મણભાઈ ચાવડા (ઉ.વ.૩૩)એ સરકારી એસ.ટી. બસ નંબર જીજે-૧૮-ઝેડ-૭૦૭૪ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેના હવાલાની સરકારી એસ.ટી.બસ નં.જીજે-૧૮-ઝેડ-૭૦૭૪ને ફુલ ટર્ન મારી ગફલતભરી રીતે ચલાવી તેમના મોટર સાયકલ સાથે અડાડ્યું હતું. મોટર સાયકલનું આગળનું વ્હીલ બસના આગળના ટાયર પાસે આવી જતા તેમણે રાડ નાખી બસ પાછી લેવાનું કહેતા આરોપીએ બસ પાછી લેવાની ના પાડી લોખંડની ટોમી લઈ નીચે ઉતરી તેમને ફટકાર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ છઠ્ઠ
તા. ૨૧-૧૧-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૪૮,
સૂર્યાસ્ત-૦૫:૨૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પુષ્ય

## દૈનિક રાશિફળ

**તા.૨૧-૧૧-૨૦૨૪ ગુરૂવાર**

મેષઃ આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય.

વૃષભઃ આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભના રૂપમાં મળશે.

મિથુનઃ નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે.

કર્કઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે.

સિંહઃ આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે.

કન્યાઃ આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. પરંતુ ઘરના કાર્યોમાં આળસ રાખતા થોડા સમય માટે વાતાવરણ બગડશે.

તુલાઃ આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો. શંકા રાખતા ઘરના સભ્યો સાથે બગાડી શકો છો.

વૃશ્ચિકઃ આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે.

ધનઃ આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે.

મકરઃ આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

કુંભઃ તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, કોઈને પણ આપેલા વચન સમયસર પૂરા કરવામાં અસમર્થ રહેશો.

મીનઃ તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો. નજીકના સમયમાં તમને નાણાંનો લાભ થશે.

# અમરેલીમાં પ્રૌઢ સાથે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણના નામે રૂ. ૬ લાખની છેતરપિંડી

અમરેલી, તા.૨૦

અમરેલીમાં રહેતા એક પ્રૌઢ સાથે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણના નામ રૂ. ૬ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. બનાવ અંગે ધર્મેન્દ્રભાઈ જીવનભાઈ વાજા (ઉ.વ.૭૫)એ વિપુલભાઈ હરકિશનભાઈ ઉર્ફે હકાભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીએ તેમને પાર્થ ઈન્વેસ્ટમેંટની લોભામણી જાહેરાત બતાવી પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમમાં રૂ. ૬ લાખનું રોકાણ કરાવી નફો આપવાની લાલચ આપી હતી. જે બાદ નફાની તથા મુળ રકમ પરત નહીં કરીને વિશ્વાસઘાત કર્યો હતો.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એલ. ખટાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# ગાડીમાં આગ લાગતાં પાલો બળીને ખાક થઈ ગયો

**કુલ ૧.૯૭ લાખનું નુકસાન થયું**

અમરેલી, તા.૨૦

અમરેલીના ખીજડીયા રાદડીયા ગામે રહેતા અજયભાઈ કાળુભાઈ ગળીયાએ જાહેર કર્યા મુજબ લાઠી રોડ ચોકડીથી નાના માચીયાળા બાયપાસ રોડ પર ગૌશાળાની ટાટા મેઝીક ગાડીમાં પાલો ભરીને જતા હતા ત્યારે વાયર સ્પાર્ક થતાં આગ લાગી હતી.

જેમાં પાલો બળીને ખાક થઈ ગયો હતો. કુલ ૧,૯૭,૦૦૦નું નુકસાન થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# વિકટર ચેકપોસ્ટથી એક્ટિવા પર થતી દારૂની ખેપ ઝડપાઈ

અમરેલી, તા.૨૦

વિકટર ચેકપોસ્ટની સામેના ઓવરબ્રિજ પુરો થતા રોડ ઉપરથી એક યુવક એક્ટિવા લઈને પસાર થતો હતો ત્યારે તેની પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની બોટલો ઝડપાઈ હતી. પોલીસે એક્ટિવા, દારૂની બોટલો મળી કુલ ૪૫,૫૯૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે. પીપળવા ગામેથી ૧૫ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. વિવિધ સ્થળેથી ૯ ઈસમો કેફી પીણું પીને ફરતાં મળી આવ્યા હતા.







**તંત્રી લેખ**

# યુક્રેન યુદ્ધમાં હવે અમેરિકા પણ જોડાયું

યુક્રેને યુદ્ધમાં બે દિવસ પહેલા રશિયા પર લાંબા અંતરની અમેરિકન મિસાઈલથી એટેક કર્યો આથી આ યુદ્ધમાં હવે અમેરિકા પણ સીધું જોડાઈ ચૂક્યું છે એના ગંભીર પરિણામો હવે માનવ જાતે ભોગવવા પડે તેવી શક્યતા ઊભી થઈ છે. રશિયા યુક્રેન યુદ્ધને હજાર દિવસ પૂરા થયા. અમેરિકાની ચૂંટણી બાદ ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટાઈને આવ્યા અને યુક્રેન રશિયાના રણમેદાનનું આખું ચિત્ર બદલાઈ ગયું. ગત સપ્તાહ યુક્રેને અમેરિકાએ આપેલા છ જેટલા બેલેસ્ટિક મિસાઈલ છોડી રશિયાને સંદેશો આપ્યો કે સાવધાન હવે અમેરિકા અમારી પડખે છે. રશિયા પર આ મિસાઈલ હુમલો બાઈડેન વહીવટીતંત્ર દ્વારા યુક્રેનને પરવાનગી આપવામાં આવી હતી. યુક્રેન ઘણા સમયથી અમેરિકા પાસે આ મિસાઈલોનો ઉપયોગ કરવાની પરવાનગી માંગી રહ્યું હતું. યુક્રેન રશિયા સંઘર્ષમાં આખરે જે ધાર્યું હતું તે થયું. બીજી તરફ જો બાઈડેને યુક્રેનને રશિયા પર હુમલો કરવાની પરવાનગી આપી હતી. તો બીજી તરફ યુક્રેન ફરી જોરમાં આવી ગયું કારણ કે અમેરિકાએ તેને શસ્ત્રો આપ્યા,તાકાત આપી, ટેકનોલોજી આપી પરિણામે યુક્રેને રશિયા પર હુમલો કર્યો. યુક્રેને રશિયા પર અમેરિકા તરફથી મળેલી લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કર્યો. તેણે રશિયાના બ્રાયન્સ્ક સરહદી વિસ્તારમાં એક સૈન્ય મથક પર હુમલો કર્યો. આ પહેલીવાર છે જ્યારે યુક્રેને આ મિસાઈલોનો ઉપયોગ કરીને રશિયાની અંદર હુમલો કર્યો છે. આ હુમલો છ બેલિસ્ટિક મિસાઈલોથી કરવામાં આવ્યો છે. હકીકતમાં, રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુક્રેને મંગળવારે સ્થાનિક સમય અનુસાર સવારે ૩:૨૫ કલાકે છ બેલેસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો હતો. જો કે, એવું કહેવામાં આવ્યું હતું કે આમાંથી પાંચ મિસાઈલોને રશિયાની એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા નાશ કરવામાં આવી હતી, જ્યારે છઠ્ઠી મિસાઈલના ટુકડા લશ્કરી સ્થળ પર પડ્યા હતા, જેના કારણે નાની આગ લાગી હતી. મંત્રાલયે કહ્યું કે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી અને નુકસાન પણ ઓછું છે. રશિયા શસ્ત્રોના ઉપયોગ સામે ચેતવણી આપે છે. બાઈડેન વહીવટીતંત્ર દ્વારા યુક્રેનને ઊંડા હુમલાની પરવાનગી આપ્યાના એક દિવસ બાદ આ હુમલો થયો છે. યુક્રેન ઘણા સમયથી અમેરિકા પાસે આ મિસાઈલોનો ઉપયોગ કરવાની પરવાનગી માંગી રહ્યું હતું. તે જ સમયે, રશિયાએ પશ્ચિમી હથિયારોના ઉપયોગ પર ચેતવણી આપતા કહ્યું કે તે અમેરિકાને સીધા સંઘર્ષમાં સામેલ કરી શકે છે અને રશિયા યોગ્ય જવાબ આપશે. બાઈડેને આ નિર્ણયને મંજૂરી આપી હતી. રાષ્ટ્રપતિ જો બાઈડેને તેમના કાર્યકાળના અંતના બે મહિના પહેલા આ નિર્ણયને મંજૂરી આપી હતી. આ પગલા પર યુક્રેનના વિદેશ મંત્રીએ તેને યુદ્ધમાં પરિવર્તન ગણાવ્યું જ્યારે રશિયાએ તેને તણાવ વધારવાનું પગલું ગણાવ્યું. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, જેમણે બાઈડેન પછી પદ સંભાળ્યું, યુક્રેન પ્રત્યે ઓછી સહાનુભૂતિ ધરાવતા માનવામાં આવે છે. આવી સ્થિતિમાં હવે આગળ શું થશે તે જોવાનું રહેશે, કારણ કે આ હુમલા બાદ પુતિન પણ ચૂપ બેસશે નહીં. પ્રતિબંધ ઉઠાવી લીધો આની સામે પુતિને પરમાણુ હુમલાની ધમકી આપી હતી કે, જો યુક્રેનને ખતરનાક મિસાઈલોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે તો રશિયા પરમાણુ કાયદામાં ફેરફાર કરશે.

# જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે કાળભૈરવની ઉપાસના કરવી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

> ભગવાન સદાશિવનું બીજું નામ છે રુદ્ર દેવ. રુદ્ર દેવના પાંચમા અવતાર કાળભૈરવ તરીકે જગવિખ્યાત છે. શિવપુરાણમાં તથા લિંગ પુરાણમાં પ્રાપ્ત થતી માહિતી મુજબ કાળભૈરવ અતિ ભયાનક સ્વરૂપ વાળા દેવ છે આમ છતાં તે દયાળુ દેવ છે.




વિશ્વમાં શનિદેવની જેમ જ જે લોકો અનીતિથી જીવન જીવે છે, ખોટું કરે છે તેને માટે કાળભૈરવ ભયાનક રૂપે તેને આ જિંદગીના સમય દરમિયાન જ કઠોર દંડ કરે છે. ખોટું કામ કરનારને અમુક સમય સુધી વાંધો નથી આવતો પરંતુ જ્યારે તેમના પુણ્ય કર્મ ખૂટી જાય છે ત્યારે કાળભૈરવ શનિદેવની આજ્ઞા મુજબ તેને દુઃખના દરિયામાં ધકેલી દે છે. માટે શનિદેવની ઉપાસના કરો, કાળભૈરવની પૂજા તેની જયંતીને દિવસે અવશ્ય કરો. કાળભૈરવની જયંતીને દિવસે ખાસ તેને પ્રાર્થના કરો. ભૈરવનો અર્થ છે જે ભય દૂર કરે છે. એવું પણ કહેવાય છે કે ભૈરવ શબ્દના ત્રણ અક્ષરોમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની શક્તિ છે. ભૈરવને શિવના ગણ અને પાર્વતીના અનુયાયી માનવામાં આવે છે. મુસીબતમાંથી છુટકારો મેળવવા તથા રક્ષા મેળવવા માટે કાળભૈરવ દાદાની પૂજા ઉત્તમ ફળદાયક ગણાય. કાળભૈરવ રુદ્રના પાંચમા અવતાર મનાય છે. 'કાલ'નો અર્થ 'સમય' થાય છે. મનુષ્ય-પ્રાણીના મૃત્યુ સમયની વાસનાના આધારે જીવની જે ગતિ થાય છે, તે પ્રમાણે જીવદશા દરમિયાન કરેલાં કર્મની ગતિ અનુસાર 'સમય' ઓળખવવાનું અતિ કિઠન કાર્ય 'કાલ ભૈરવ' કરે છે. શકિત ઉપાસનાથી લઈને તંત્ર સાધનાની ટોચ ઉપર પહોંચવા માટે ભૈરવની કજાપા અતિ જરૂરી બને છે. ભૈરવની ઉત્પત્તિઃ ભૈરવની ઉત્પત્તિ શિવના લોહીમાંથી થઈ હોવાનો ઉલ્લેખ છે. બાદમાં તે લોહીને બે ભાગમાં વહેંચવામાં આવ્યું—પહેલું બટુક ભૈરવ અને બીજું કાળભૈરવ. મુખ્યત્વે બે ભૈરવની પૂજા કરવામાં આવે છે, એક કાળભૈરવ અને બીજું બટુક ભૈરવ. પુરાણોમાં ભગવાન ભૈરવને અસિતંગ, રુદ્ર, ચંદ, ક્રોધ, મનમત્તા, કપાલી, ભીષણ અને સંહારના નામથી પણ ઓળખવામાં આવે છે. ભગવાન શિવના પાંચમા અવતાર ભૈરવને ભૈરવનાથ પણ કહેવામાં આવે છે. નાથ સંપ્રદાયમાં તેમની પૂજાનું વિશેષ મહત્વ છે. ભૈરવના ચમત્કારિક મંદિર આવેલા છે. ભૈરવનું પ્રખ્યાત, પ્રાચીન અને ચમત્કારિક મંદિર ઉજ્જૈન અને કાશીમાં છે. કાલ ભૈરવનું મંદિર ઉજ્જૈનમાં છે અને બટુક ભૈરવનું લખનૌમાં મંદિર છે. ભૈરવ મંદિર કાશી વિશ્વનાથ મંદિરથી દોઢથી બે કિલોમીટરના અંતરે આવેલું છે. બીજું, નવી દિલ્હીમાં વિનય માર્ગ પર નહેરુ પાર્કમાં આવેલ બટુક ભૈરવનું પાંડવ મંદિર ખૂબ પ્રખ્યાત છે. ત્રીજું, ઉજ્જૈનના કાલ ભૈરવની ખ્યાતિનું કારણ પણ ઐતિહાસિક અને તાંત્રિક છે. નૈનીતાલ પાસે ઘોડા ખાડનું બટુક ભૈરવ મંદિર પણ ખૂબ પ્રખ્યાત છે. અહીં ભૈરવ ગોલુ દેવતાના નામથી પ્રખ્યાત છે. આ સિવાય શક્તિપીઠો અને ઉપપીઠની નજીક આવેલા ભૈરવ મંદિરોનું મહત્વ માનવામાં આવ્યું છે. પ્રભુના જુવાન સ્વરૂપની પૂજા કરવાથી શત્રુઓથી મુક્તિ, કષ્ટ, કોર્ટ કેસમાં વિજય મળે છે. વ્યક્તિમાં હિંમતનો સંચાર હોય છે. દરેક પ્રકારના ભયથી મુક્તિ છે. કાલ ભૈરવને શંકરનો રુદ્રાવતાર માનવામાં આવે છે. માત્ર ભૈરવની પૂજા કરવાથી શનિનો પ્રકોપ શાંત થાય છે. પૂજાના દિવસો રવિવાર અને મંગળવાર નક્કી કરવામાં આવેલ છે. પુરાણો અનુસાર ભાદ્રપદ માસ ભૈરવ ઉપાસના માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ મહિનાના રવિવારને મોટો રવિવાર ગણીને તેઓ ઉપવાસ કરે છે. પૂજા કરતા પહેલા જાણી લો કે કૂતરાને ક્યારેય મારો નહીં, પરંતુ તેને ભરપૂર ભોજન આપો. જુગાર, સટ્ટો, દારૂ, વ્યાજ, અનૈતિક કૃત્યો વગેરે જેવી આદતોથી દૂર રહો. દાંત અને આંતરડા સાફ રાખો. જ શુદ્ધ થઈને સાત્વિક પૂજા કરો. અપવિત્રતા પ્રતિબંધિત છે.

મહાશકિતની મહાકૃપા સાથે ભવ્ય પ્રજ્ઞા મેળવવા માટે ભૈરવની કૃપા અનિવાર્ય બને છે. કાલ ભૈરવ રુદ્રના પાંચમા અવતાર મનાય છે. 'કાલ'નો અર્થ 'સમય' થાય છે. મનુષ્ય-પ્રાણીના મૃત્યુ સમયની વાસનાના આધારે જીવની જે ગતિ થાય છે, તે પ્રમાણે જીવદશા દરમિયાન કરેલાં કર્મની ગતિ અનુસાર 'સમય' ઓળખવાનું અતિ કઠીન કાર્ય 'કાલ ભૈરવ' કરે છે. શકિત ઉપાસનાથી લઈને તંત્ર સાધનાની ટોચ ઉપર પહોંચવા માટે ભૈરવની કઠોર ઉપાસના અતિ જરૂરી બને છે. ભૈરવની ઉત્પત્તિ દેવી પુરાણ-મહાકાલસંહિતા, રુદ્રવામલ, શાકતપ્રમોદ વગેરે ગ્રંથોમાં દર્શાવી છે. બ્રહ્માના પાંચમા મુખનું ગર્વથી ખંડન થતાં કાશી (વારાણસી)માં જઈને પ્રસ્થાપિત થયેલા કાલ ભૈરવ કાશીના કોતવાલ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. સમગ્ર ભારતવર્ષમાં જેટલાં શકિતના સ્થાનો છે ત્યાં કાલ ભૈરવ યા બટુક ભૈરવ, ક્ષેત્રપાલ ભૈરવ વગેરેની મૂર્તિ સ્થપાયેલી જોવા મળે છે. સામાન્ય રીતે લોકજાતિ સંસ્કૃતિ દેવના કારણે લગભગ ઘણીખરી મૂર્તિઓને 'મદિરા' પાનનું સેવન કરાવતા હોય છે. અડદ, વેસણ-બુંદીનો ભોગ તેમજ રાજસિક-તામસિક ભોગ-બલિ પણ ચઢાવતા હોય છે. કાળભૈરવની જયંતીના દિવસે તેનું નામ સ્મરણ કરવાથી જીવનમાં સુખ શાંતિ આવે છે, સમૃદ્ધિ આવે છે જે વ્યક્તિ પર કાળભૈરવની કૃપા હોય છે તેના પર ક્યારેય કોઈ સંકટ આવતું નથી અને મોટામાં મોટા શત્રુ પણ તેનું કંઈ બગાડી શકતા નથી. તેથી જે લોકો પોતાના શત્રુ પર વિજય પ્રાપ્ત કરવા માંગે છે તેમને કાળભૈરવ જયંતીના દિવસે કેટલાક ઉપાય કરવા જોઈએ. હિન્દુ ધર્મમાં કૃષ્ણ પક્ષની અષ્ટમીની તિથિને કાલ ભૈરવને સમર્પિત ગણવામાં આવી છે. તેથી આ અષ્ટમીને કાલાષ્ટમી પણ કહેવાય છે. દર મહિને આવતી અષ્ટમીને માસિક અષ્ટમી કહેવાય છે. પરંતુ બધી જ કાલાષ્ટમીમાં સૌથી વિશેષ હોય છે કાળભૈરવ જયંતી. આ દિવસે કાળભૈરવ બાબા અવતારિત થયા હતા. તંત્ર સાધનામાં કાળભૈરવનું વિશેષ સ્થાન છે. કહેવાય છે કે જે વ્યક્તિ પર કાળભૈરવની કૃપા હોય છે તેના પર ક્યારેય કોઈ સંકટ આવતું નથી અને મોટામાં મોટા શત્રુ પણ તેનું કંઈ બગાડી શકતા નથી. જો જીવનમાં આર્થિક તંગીથી તમે પરેશાન થઈ ગયા હોય તો કાલ ભૈરવ જયંતી પર કાળા કૂતરાને મીઠી રોટલી એટલે કે રોટલી સાથે ગોળ ખવડાવો. જો તમારા શરીરમાં રોગ ઘર કરી ગયા હોય તો રોગથી મુક્તિ મેળવવા માટે કાળભૈરવ જયંતીના દિવસે જરૂરિયાતમંદ લોકોને ઘઉં, ગરમ કપડા કે કાળા ધાબળાનું દાન કરો. રાહુ કે કેતુ સંબંધિત દોષ દૂર કરવા માટે અને નકારાત્મક શક્તિઓથી બચાવ કરવા માટે કાલ ભૈરવ જયંતીના દિવસે ભૈરવનાથ મંદિરમાં જઈને કાળભૈરવાષ્ટકનો પાઠ કરવો.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૧ | ૧૫૦૭ |
| ઘઉં લોકવન | ૫૮૦ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૦૫ |
| જુવાર સફેદ | ૭૧૧ | ૮૧૩ |
| જુવાર લાલ | ૮૧૧ | ૧૦૩૪ |
| બાજરી | ૩૭૮ | ૪૬૭ |
| તુવેર | ૧૦૫૦ | ૨૦૯૦ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૭૫ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૭૮૦ |
| અડદ | ૧૨૫૫ | ૧૬૭૮ |
| મગ | ૧૨૦૦ | ૧૮૦૯ |
| વાલ દેશી | ૧૧૫૦ | ૧૮૭૯ |
| ચોળી | ૧૬૭૦ | ૨૯૮૧ |
| મઠ | ૮૫૦ | ૧૧૯૦ |
| કળથી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૪૮૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૧૫ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૧૭૦ |
| તલી | ૨૧૫૦ | ૨૮૦૦ |
| એરંડા | ૧૨૦૩ | ૧૨૬૫ |
| સુવા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૭૯૦ | ૮૯૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૨૫ |
| કાળા તલ | ૨૯૪૪ | ૪૨૬૪ |
| લસણ | ૪૪૫૧ | ૬૦૫૦ |
| ધાણા | ૧૩૪૦ | ૧૫૮૬ |
| મરચા સુકા | ૯૦૦ | ૩૦૦૦ |
| ધાણી | ૧૩૯૮ | ૧૬૯૦ |
| વરીયાળી | ૧૦૭૦ | ૧૩૬૦ |
| જીરૂ | ૪૩૨૫ | ૪૮૨૮ |
| રાય | ૧૦૬૦ | ૧૩૪૫ |
| રજકાનું બી | ૩૫૨૦ | ૫૧૨૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૪૫૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૬૦૦ |
| ટમેટા | ૫૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૩૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફલાવર | ૩૦૦ | ૪૪૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૮૦ | ૧૨૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૨૪૦૦ |
| તુરીયા | ૭૫૦ | ૧૦૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૫૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગાજર | ૫૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| તુવેરસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૪૫૦ | ૭૦૦ |
| મેથી | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૫૧૦ |
| આદુ | ૭૫૦ | ૯૫૦ |
| ચણા લીલા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૩૦૦૦ | ૫૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૩૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૧૫૦ |
| શિંગ મોટી | ૮૫૬ | ૧૧૯૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| તલ સફેદ | ૧૮૯૦ | ૩૦૩૫ |
| તલ કાળા | ૩૬૧૫ | ૪૨૩૦ |
| તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૦૭૫ |
| ઘઉં ટુકડા | ૫૭૧ | ૬૭૭ |
| ઘઉં લોકવન | ૫૭૩ | ૬૫૮ |
| જુવાર | ૭૫૫ | ૭૫૫ |
| એરંડા | ૧૨૪૭ | ૧૨૪૭ |
| ચણા | ૮૭૦ | ૧૩૫૬ |
| કપાસ | ૯૯૨ | ૧૫૦૫ |
| જીરું | ૩૫૦૦ | ૪૬૩૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૪૦ |
| સોયાબીન | ૬૦૫ | ૮૪૯ |
| મરચા | ૭૧૦ | ૨૪૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૫૯૦ |
| રીંગણાં | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૫૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૬૫૦ | ૭૫૦ |
| સુરણ | ૯૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૧૨૦૦ | ૧૩૦૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૫૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૪૦૦ |
| બીટ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૩૦૦ |
| પાલક | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૮૦૦ | ૯૫૦ |
| ડુંગળી | ૧૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૯૧ | ૧૪૮૬ |
| ઘઉં લોકવન | ૫૮૦ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૫૪૬ | ૭૮૬ |
| મગફળી જીણી | ૭૭૧ | ૧૨૫૬ |
| સિંગ ફાડીયા | ૮૫૦ | ૧૨૦૧ |
| એરંડા / એરંડી | ૧૧૨૧ | ૧૨૬૧ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૦૭૬ |
| જીરૂ | ૩૪૫૧ | ૪૯૪૧ |
| ધાણા | ૯૦૧ | ૧૬૧૧ |
| લસણ સુકું | ૨૫૦૧ | ૫૮૪૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૯૦૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૯૧ |
| તુવેર | ૮૦૦ | ૨૦૮૧ |
| મેથી | ૮૭૬ | ૧૨૪૧ |
| કાંગ | ૯૫૧ | ૧૧૩૧ |
| મરચા | ૫૫૧ | ૩૨૦૧ |
| મગફળી જાડી | ૬૨૧ | ૧૨૭૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૭૨૧ |
| મગફળી નવી | ૧૨૬૧ | ૧૨૬૧ |
| તલ - તલી | ૨૦૦૧ | ૨૭૧૧ |
| બાજરો | ૪૮૧ | ૫૩૧ |
| જુવાર | ૭૪૧ | ૯૫૧ |
| ચોળા / ચોળી | ૪૨૬ | ૨૬૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૫૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૬૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૧૦૦ |
| શીંગ મોટી | ૧૦૨૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૪૭૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૧૦ |
| કપાસ | ૧૩૧૦ | ૧૪૯૫ |
| ઘઉં લોકવન | ૫૬૫ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૫૭૫ | ૬૩૬ |
| ચણા | ૧૧૨૫ | ૧૫૫૧ |
| ધાણા | - | ૧૬૦૦ |
| સોયાબીન | ૭૮૫ | ૮૩૧ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૨ |
| ચણા | ૮૦૦ | ૧૨૦૫ |
| અડદ | ૯૦૦ | ૧૬૩૨ |
| મગફળી | ૭૦૦ | ૧૧૮૨ |
| સોયાબીન | ૬૫૦ | ૮૩૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૨૬ |
| કપાસ કોડી | ૧૧૪૦ | ૧૩૨૦ |
| મગફળી નવી | ૯૯૦ | ૧૦૮૦ |
| અડદ | ૧૨૬૦ | ૧૪૫૦ |
| ઘઉં | ૫૦૮ | ૬૩૨ |
| જીરૂ | ૪૦૩૫ | ૪૬૫૫ |
| તલ | ૨૦૭૦ | ૨૩૫૦ |
| તલ સફેદ | ૨૦૯૦ | ૨૩૦૦ |
| ચણા | ૧૧૯૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૭૬ | ૮૧૪ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૧૯૦ | ૧૬૦૦ |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૧૧૨૨ |
| શીંગ ૩૯ | ૯૪૪ | ૧૧૬૮ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૧ | ૧૨૨૭ |
| એરંડા | ૮૪૦ | ૮૪૦ |
| જુવાર | ૩૦૬ | ૮૨૮ |
| બાજરી | ૪૬૫ | ૬૪૪ |
| ઘઉં ટુકડા | ૫૬૧ | ૭૨૧ |
| અડદ | ૪૯૨ | ૧૮૧૫ |
| સોયાબીન | ૮૧૧ | ૮૮૮ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૪૯ |
| તલ કાળા | ૩૬૦૦ | ૩૬૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૪૮ |
| જીરૂ | ૪૬૯૩ | ૪૬૯૩ |
| ડુંગળી લાલ જુની | ૫૦૦ | ૯૫૧ |
| ડુંગળી લાલ નવી | ૧૮૦ | ૮૬૮ |
| ડુંગળી સફેદ | ૧૬૩ | ૭૯૮ |
| કપાસ શંકર | ૧૪૪૬ | ૧૪૯૭ |
| નાળીયેર | ૬૫૦ | ૩૦૪૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૮ |
| ઘઉં લોકવન | ૪૦૪ | ૫૯૪ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૧૪ |
| અડદ | ૯૦૧ | ૧૪૦૦ |
| સોયાબીન | ૫૯૦ | ૮૯૧ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મગફળી | ૫૬૫ | ૧૦૫૫ |
| ચણા | ૯૮૫ | ૧૨૩૦ |
| શીંગદાણા | ૧૦૮૦ | ૧૨૦૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૦૦ |
| ધાણા | ૧૧૦૫ | ૧૩૦૦ |
| રજકા બી | ૪૪૦૦ | ૪૪૦૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| લસણ | ૩૮૦૦ | ૪૦૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૯૭ | ૧૪૮૮ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૧૧ | ૧૧૭૦ |
| તલ સફેદ | ૨૧૨૧ | ૨૫૫૦ |
| કપાસ | ૧૪૧૧ | ૧૫૨૫ |
| બાજરો | ૪૬૬ | ૬૨૬ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૭૧૭ |
| જુવાર | ૫૬૦ | ૮૩૧ |
| મગ | ૨૭૦૧ | ૨૮૦૧ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૯૨૫ | ૩૯૨૫ |
| સોયાબીન | ૭૫૪ | ૮૩૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૪૬૮ |
| મગફળી | ૧૦૧૧ | ૧૧૭૨ |
| સોયાબીન | ૭૭૦ | ૭૭૦ |
| જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૯૧ | ૧૪૭૧ |
| મગફળી | ૮૦૦ | ૧૧૩૫ |
| સોયાબીન | ૭૧૦ | ૮૦૦ |
| ઘઉં | ૫૦૧ | ૫૮૦ |

## શબ્દ સંજોગ-૧૯૦૪



**આડી ચાવી :**
(૧) કમનસીબ (૩)
(૩) તાવ (૨)
(૫) અતિ..તે પાપનું મૂળ (૨)
(૬) .....હોય તો માળવે જવાય (૨)
(૭) જહાજ ભાંગવાનો ઉદ્યોગ આ સ્થળે (૩)
(૮) સુસંગત,અનુરૂપ (૩)
(૯) માપ વિનાનું (૩)
(૧૨) પૂછપરછ (૪)
(૧૩) લોકોમાં પ્રચલીત એવુ ગીત (૪)
(૧૫) લીન, મગ્ન (૨)
(૧૭) રાહ, ડગર (૨)
(૧૯) પાણી, જળ (૨)
(૨૦) જમીન, ધરતી (૨)
(૨૧) સરખામણીમાં, તુલનામાં (૨)
(૨૨) ....ગૂંથણ (૩)
(૨૪) એક ચોઘડીયું (૨)
(૨૬) નડતર, પીડા (૩)
(૨૭) ડોસી (૩)

**ઉભી ચાવી :**
(૧) વ્યર્થ, નકામુ (૩)
(૨) સોળે સાનને વીસે.......... (૨)
(૩) પ્રકાશમાન, ઝળહળતુ (૩)
(૪) નાડી, શિરા (૨)
(૫) નદી આપણી.... કહેવાય છે (૪)
(૭) અસંખ્ય (૪)
(૯) તંગી, તાણ (૩)
(૧૦) પછાડવુ તે (૪)
(૧૧) હોકારો, બૂમ (૨)
(૧૨) પૂરેપૂરુ, સંપૂર્ણ (૨)
(૧૩) લોખંડ (૨)
(૧૪) એક શિકારી પક્ષી (૨)
(૧૬) વાળ્યો ને .....! (૪)
(૧૭) પવન, હવા (૩)
(૧૮) ગાદી, તકિયાની ખોલ (૩)
(૧૯) ગગન, આકાશ (૨)
(૨૩) લાગ, મોકો (૨)
(૨૫) માના પેટમાં રહેલુ જીવનું રૂપ (૨)

## શબ્દ સંજોગ-૧૯૦૩ જવાબ

**આડી ચાવી:** (૧) પરમ (૩) મકર (૬) ગરજ (૭) મનન (૮) ડીનર (૧૦) લઅબી(અબીલ) (૧૨) ને (૧૩) જી (૧૪) વરખ (૧૬) મૂરખ (૧૯) મનન (૨૦) માકડ(કમાડ) (૨૭) કબીર (૨૮) ટન.
**ઉભી ચાવી:** (૧) પકોડી (૨) મગર (૩) મજબ (૪) રકાબી (૫) કનક (૯) નજર (૧૧) અગર (૧૪) વપશરા (વપરાશ) (૧૫) ખમણ (૧૬) મૂન (૧૭) ખમાર (૧૮) લડત (૨૧) કકળાટ (૨૩) રજક (૨૪) બબીતા (૨૬) જર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ધારીના આહીર પરિવાર દ્વારા માનવસેવા હોસ્પિટલ ટીંબીને એક કરોડનું દાન

અમરેલી,તા.૨૦

માનવસેવા ટ્રસ્ટ ટીંબી દ્વારા ચાલતા આરોગ્યના સેવા યજ્ઞમાં ધારીનાં પ્રેમપરામાં રહેતા આહીર પરિવાર દ્વારા એક કરોડ રૂપિયાનું દાન દર્દી નારાયણની સેવા માટે અર્પણ કરાયુ છે. કોઈપણ જાતની ઓળખાણ વગર માત્ર સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિ જોઈને વિસામણભાઈ ઢોલા અને મુકતાબેન ઢોલા તથા પુત્રો નરેશભાઈ, દિપકભાઈ



અને યશવંતભાઈએ સંસ્થાની મુલાકાત કરી ભાવ વંદના સાથે એક કરોડ રૂપિયાનો ચેક માનવ સેવા ટ્રસ્ટને અર્પણ કર્યો હતો. અને સ્વામી નિર્દોષાનંદજી પ્રેરિત હોસ્પિટલની સેવાકીય પ્રવૃત્તિ જોઈ રાજીપો વ્યકત કર્યો હતો. આ તકે દાતા પરિવાર સાથે આહીર સમાજનાં અગ્રણીઓ પેથાભાઈ આહીર, રઘુભાઈ હુંબલ અને અશોકભાઈ આહીર વગેરે જોડાયા હતા. સંસ્થાના પ્રમુખ હિરાભાઈ ગાંગાણી, ઉપપ્રમુખ બી.એલ. રાજપરા, ધનસુખભાઈ દેવાણી, રસીકભાઈ ભીંગરાડીયા, પરેશભાઈ ડોડીયા, ખીમજીભાઈ દેવાણી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# અમરેલી નગરપાલિકાની રખડતા પશુઓ સામે કડક કાર્યવાહી, ૩૫ પશુ ડબ્બે પુરાયા

**પશુઓ ખાનગી માલિકીના હશે, તેના માલિકો પાસેથી દંડ વસૂલ કરવામાં આવશે**



અમરેલી,તા.૨૦

અમરેલી નગરપાલિકાએ સરકારના કડક આદેશોને અનુસરીને શહેરમાં રખડતા ભટકતા પશુઓ સામે નિર્ણાયક પગલા લીધા છે. સરકાર અને હાઈકોર્ટે જાન-માલના રક્ષણ અર્થે વહીવટી તંત્રને સંપૂર્ણ સત્તા આપી છે, જે પગલે પાલિકાએ પશુઓને ડબ્બે પૂરવાની કાર્યવાહી શરૂ કરી છે. આ અભિયાન અગાઉ પણ હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ પશુ માલિકો દ્વારા પાલિકાના કર્મચારીઓને ધમકાવવામાં આવતા અને પૂરતા સ્ટાફની અછતને કારણે તે સફળ ન થઈ શક્યું. આ વખતે, પાલિકાએ એક વ્યાવસાયિક એજન્સીની નિમણૂક કરી છે, જેણે બે દિવસની કામગીરી દરમ્યાન ૩૫ પશુઓને પકડીને ડબ્બે પૂર્યા છે. પાલિકાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જે પશુઓ ખાનગી માલિકીના હશે, તેના માલિકો પાસેથી દંડ વસૂલ કરવામાં આવશે. વધુમાં, પશુઓ પકડવાની પ્રક્રિયામાં કોઈ વ્યક્તિ વિરોધ કે રૂકાવટ કરશે, તો તેની સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે.

# બાબરાના ગળકોટડી ગામના માથાભારે ઈસમને પાસા હેઠળ વડોદરા મધ્યસ્થ જેલમાં ધકેલાયો

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે બાબરા તાલુકા વિસ્તારમાં ગુનાઓ આચરતા ઈસમ ચાંપરાજભાઈ હાથીભાઈ વાળા, ઉ.વ.૪૦, રહે.ગળકોટડી, તા.બાબરા, જિ.અમરેલી વિરૂદ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી આપી હતી. અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત ઈસમ




વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કર્યું હતું. અમરેલી એલ.સી.બી. ટીમે પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપ્યા હતા. આરોપી સામે બાબરા પોલીસ સ્ટેશનમાં ૩ ગુના નોંધાયેલા છે.

# દીવના ઘોઘલામાં પાણીનાં ટેન્કર અને ટુ વ્હીલ વચ્ચે અકસ્માત : એકનું મોત

ઉના, તા.૨૦

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા ખાતે પાણીનો ટાંકો અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર એક કિશોરને ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. દીવ પાંજરાપોળ નજીક હનુમાનના મંદિર પાસે રોનક હિતેશચંદ્ર ઉં.વર્ષ



તસવીર : કૈલેશ ભટ્ટ

૨૦, રહે. બાદોદકર કોલોની બાઈક એકટીવા પર જતો હતો. રોનક પાસે અયાસ મહેમુદ ખુરેશી (ઉ.વ. ૧૪) એ રીક્ષા સ્ટેન્ડ, ઘોઘલા પાસે લીફ્ટ માંગી હતી. તેઓના એકટીવાને પાંજરાપોળ વળાંકમાં પાણીના ટાંકાના ચાલક બાબુ બીજલ રાઠોડ રહે.આલીદર તા.કોડીનાર એ અડફેટે લેતા બંને વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત સર્જાતા એકટીવા પરના બન્ને કિશોરને તાત્કાલિક સ્થાનિક યુવાનો દ્વારા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં એકટીવાની પાછળ બેઠેલા ખુરેશી અયાસ મહેમુદને ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. આ સમાચાર સાંભળતા જ સમગ્ર વાતાવરણ કરૂણ બન્યું હતું.

# લોકગાયિકા અલ્પા પટેલને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા


બગસરા,તા.૨૦

બગસરા તાલુકાના નાના મુંજીયાસર જેવા ઓછી વસ્તી ધરાવતા ગામનાં વતની અને લોકગાયિકા અલ્પાબેન પટેલને અમદાવાદ ખાતે એર સંસ્થા દ્વારા દાદાસાહેબ ફાળકે એવોર્ડ એનાયત કરવામાં આવતા સમગ્ર બગસરા તાલુકાનું ગૌરવ વધારેલ છે. અલ્પાબેન પટેલને તેમની ગાયન ક્ષમતાને ધ્યાને લઈ ક્લાઉડ લેન્ડ એન્ટરટેઈનમેન્ટ અને બોમ્બે એન્ટરટેઈનમેન્ટ સંસ્થાના સહયોગથી ૧૬ નવેમ્બરના રોજ દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી ફિલ્મ સિટી એવોર્ડથી અમદાવાદ ખાતે ખ્યાતનામ કલાકાર સુરેન્દ્ર પાલના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ તકે બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખરે બગસરા તાલુકાનું ગૌરવ વધારવા બદલ અલ્પાબેનને અભિનંદન પાઠવી ખુશી વ્યક્ત કરી હતી.

# મુખ્યમંત્રી ગ્રામીણ સડક યોજના અંતર્ગત લાઠીના જરખીયા-કેરાળા રોડને મંજૂરી

લાઠી,તા.૨૦

લાઠી તાલુકાના જરખીયા અને કેરાળા વચ્ચેના રાજ્ય ધોરીમાર્ગ પર રૂ. ૩ કરોડ ૩૦ લાખના ખર્ચે નવો ડામર રોડ મંજૂર કરાવી ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ વિસ્તારના લોકોને એક મોટી વિકાસ ભેટ આપી છે. આ રોડ પરિયોજનાથી વર્ષોથી કાચા રસ્તાઓથી પીડાતા સ્થાનિક લોકોમાં ખુશીનો સંચાર થયો છે. ગાંધીનગરથી વિકાસની સરવાણી ચાલુ રખાવતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ





મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રૂબરૂ મળીને વિધાનસભા વિસ્તારના રસ્તાઓ, નાળાઓ અને પુલોના નવીનીકરણ માટે ગંભીર રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ તેમની રજૂઆત પર ગંભીરતાથી ધ્યાન આપ્યું અને વિકાસના કામોને મંજૂરી આપી. આ નવા ડામર રોડ ઉપરાંત, લાઠી-બાબરા-અમરેલી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જિલ્લા પંચાયતના રસ્તાઓ, નાળાઓ અને કોઝવે નવા બનાવવા કે રીપેર કરવાની જરૂરિયાત ઊભી થઈ હોવાથી ધારાસભ્ય જનકભાઈએ સ્થાનિક જનતાની સમસ્યાઓને પ્રાધાન્ય આપ્યું છે.

# બાબરા એપીએમસીમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ

**ધારાસભ્ય જનક તળાવીયા, મનીષ સંઘાણી સહિતના આગેવાનોની ઉપસ્થિતી**



અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે ત્યારે બાબરા એપીએમસી ખાતે પણ ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરતા સમયે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ખરીદી શરૂ કરવામાં આવતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનીષભાઈ સંઘાણી, બાબરા એપીએમસીના ચેરમેન જીવાભાઈ રાઠોડ, વાઈસ ચેરમેન બીપીનભાઈ રાદડીયા, બાબરા ખેડૂત સહકારી મંડળીના ડાયરેક્ટર જસાભાઈ મકવાણા, જયસુખભાઈ કલકાણી, જિલ્લા પંચાયતના સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, પ્રભાતભાઈ કોઠીવાળ વગેરે ખેડૂતોની હાજરીમાં ખરીદી શરૂ કરવામાં આવી હતી.


## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મું. રાજુલા

જન્મ/ મરણ અરજી નંબર/૨૯૩/૨૦૨૪

અરજદાર :-શ્રી બુધાભાઈ ભાણાભાઈ વાઘ,
સરનામું :- રહે, રામપરા-૨, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી કમ મંત્રીશ્રી, રામપરા-૨, તા.રાજુલા, જી.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના **રાજુલા** તાલુકાના **રામપરા-૨** ગામના શ્રી બુધાભાઈ ભાણાભાઈ વાઘએ તેમના પુત્રશ્રી નાગભાઈ બુધાભાઈ વાઘનો જન્મ તા.૧૨/૦૫/૨૦૦૭ ના રોજ રામપરા-૨ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી રવિન્દ્રકુમાર જે. તરૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. જેની નોંધ લેવી.
આજ તારીખ.૧૧ માહે સપ્ટેબર, સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળઃ- રાજુલા
તારીખઃ- ૧૧/૦૯/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા


# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં સિઝનની પ્રથમ લાલ ચટાક મરચાની આવક

ગોંડલ, તા.૨૦

સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી જેવા કે રાજકોટ જિલ્લો, જામનગર, જૂનાગઢ જિલ્લામાંથી ખેડૂતો પોતાનો માલ વેચવા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવતા હોય છે. સમગ્ર ભારતભરમાં ગોંડલના તીખા મરચાને લઈને જાણીતું છે. અહીંનું મરચું તીખાશને લઈને ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યના લોકોને પણ આકર્ષી રહ્યું છે. આ વર્ષે મરચાની સિઝનની સૌ પ્રથમ આવક થઈ હતી. યાર્ડમાં આજરોજ અંદાજે ૩૫૦૦ થી ૪૦૦૦ ભારીની આવક



થવા પામી હતી. હરરાજીમાં સરેરાશ ૨૦ કિલો મરચાના ૩૦૦૦ થી ૬૦૦૦ રૂપિયા સુધી ભાવ બોલાયા હતા. જ્યારે મુહૂર્તમાં મરચાની ૧ ભારીના રેકોર્ડબ્રેક ભાવ ૨૩૧૧૩ સુધી બોલાયા હતા.

# ખાંભા સરકારી કોલેજ ખાતે સ્વીપ અને ટીપ અંતર્ગત ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૦

ખાંભા સ્થિત સરકારી કોલેજ ખાતે સ્વીપ અને ટીપ એક્ટિવિટી અંતર્ગત ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામ્ય અને શહેરી કક્ષાએ યુવક-યુવતીઓને મતદાર નોંધણી, મત ઓળખપત્રમાં સુધારણા માટે વિગતો આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે



વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ, www.voterprotal.eci.gov.in, www.nvsp.in પોર્ટલ ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી વિગતો મેળવી શકાશે.


## મહે. તાલુકા એકઝીકયુટીવ મેજી. સાહેબની કોર્ટમાં, મું. રાજુલા//-

પર.અ.નં.... /૨૪
અરજદાર....

(૧) અશ્વિન હરીલાલ ઠાકર, ઉ.વ.આ. ૬૫,
ધર્મે-હિન્દુ, ધંધો -વેપાર, રહે.કોવાયા, તા.રાજુલા, જી.અમરેલી.
મો.૯૮૨૪૪૪૨૧૮૩

વિરૂધ્ધ

(૧) તલાટી કમ મંત્રીશ્રી, -વ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, સામાવાળા.....
મું:-કોવાયા, તા.રાજુલા, જી.અમરેલી.

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે, કે અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામના શ્રી અશ્વિન હરીલાલ ઠાકર એ તેમના માતા ગુ. નિર્મલાબેન હરીલાલ ઠાકરનું મરણ તા.૧૫/૦૧/૨૦૦૧ ના રોજ મોજે કોવાયા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી જયસુખ કે. મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો હરકત સરખું હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધો તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮ માહે ૧૦ સને -૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા

સ્થળઃ રાજુલા
તા. ૨૮/૧૦/૨૪

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા


# દીવના ઘોઘલા ખાતે બ્રહ્માકુમારી દ્વારા આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક શિબિર યોજાઈ

દીવ,તા.૨૦

દીવ ખાતે બ્રહ્માકુમારી દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક શિબિરમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. શિબિરમાં આંતરરાષ્ટ્રીય પ્રવક્તા બી.કે. શિવાનીદીદી દ્વારા "સારા વિચાર, સુખમય સંસાર" પર વક્તવ્ય આપવામાં આવ્યું હતું. દીવની પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય તથા ઉના સેવા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે




ઘોઘલાસ્થિત જેટી ઉપર આ કાર્યક્રમ યોજાયો હતો. સ્પીકર શિવાનીદીદીએ સાંસારિક સમસ્યાઓના ઉકેલ તેમજ સાંસારિક જીવનમાં આવતી અડચણોનું કઈ રીતે સમાધાન કરવું તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં દીવના કલેકટર રાહુલ દેવ બુરા, ઉના ધારાસભ્ય કે.સી. રાઠોડ, દીવ જિલ્લા પંચાયતના પ્રમુખ, હોટલ એસોસિએશન પ્રમુખ યતિનભાઈ ફુગો, ઊનાના વેપારી અગ્રણી દીપકભાઈ શાહ, ઉના તાલુકા, અન્ય આજુબાજુના તાલુકાનાં રાજકીય અગ્રણીઓ, સંતો-મહંતો, આગેવાનો, વિવિધ શહેરથી આવેલ બ્રહ્માકુમારીઓ વગેરે ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ડો. શિવાનીદીદીએ લોકોને આધ્યાત્મિક વક્તવ્ય સાથે સારાં વિચારોનાં સંકલ્પ પણ લેવડાવ્યા હતા.


## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

-:જાહેર નોટીસઃ-

નં.જન્મ નોંધણી/અરજી નં.૨૦૬/૨૦૨૪

અરજદારશ્રીઃ- મુકેશભાઈ દેવચંદભાઈ સોરઠીયા,
રહે.ઘોબા તા.સાવરકુંડલા, જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી ઘોબા તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના ભાણેજ રૂષીત સુરેશભાઈ કાછડીયાનો જન્મ તા.૨૭/૧૨/૨૦૦૫ના રોજ મુ.ઘોબા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

# બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની કારનું ચલણ ફાટ્યું, સુશાસન બાબુએ પોતે જ નિયમ તોડ્યો

રોહતાસ,તા.૨૦

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારનું સત્તાવાર વાહન, જેનો નંબર બીઆર-૦૧-સીએલ છે. નિયમોનું ઉલ્લંઘન કરતું જોવા મળ્યું છે. આ વાહનનું પ્રદૂષણ પ્રમાણપત્ર ૩ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સમાપ્ત થઈ ગયું છે, પરંતુ તેમ છતાં વાહન રસ્તાઓ પર દોડી રહ્યું છે. આ માહિતી ત્યારે સામે આવી જ્યારે મુખ્યમંત્રી ડીએમ દિનેશ કુમાર રાયના પિતાની પુણ્યતિથિમાં હાજરી આપવા રોહતાસ જિલ્લાના કરઘર બ્લોકના કુશાહી બેટિયા ગામમાં પહોંચ્યા.






આ પહેલીવાર નથી જ્યારે મુખ્યમંત્રીની કાર નિયમોનું ઉલ્લંઘન કરતી જોવા મળી હોય. અગાઉ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ આ વાહનમાં સીટ બેલ્ટ ન પહેરવા બદલ રૂ. ૧૦૦૦નું ચલણ જારી કરવામાં આવ્યું હતું, પરંતુ આજ સુધી આ દંડ જમા કરવામાં આવ્યો નથી. આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા અને નિયમો જાળવવાની જવાબદારી કોના પર છે? તે ઘણા મહિનાઓથી નિયમોની અવગણના કરી રહ્યા છે.

# યુપીમાં સંભલની જામા મસ્જિદ પર હિન્દુ મંદિર હોવાનો સર્વે કરવા કોર્ટે આદેશ ફરમાવ્યો

લખનૌ,તા.૨૦

યુપીમાં સંભલની જામા મસ્જિદને શ્રી હરિહર મંદિર હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હિન્દુ પક્ષે આ અંગે કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટના આદેશ પર સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. એડવોકેટ કમિશનની ટીમે પોલીસ અને વહીવટી અધિકારીઓની હાજરીમાં મસ્જિદની અંદર વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરી હતી. આ દરમિયાન વાતાવરણ



તંગ રહ્યું હતું. મુસ્લિમ પક્ષે અરજદારને મસ્જિદમાં પ્રવેશતા અટકાવ્યા હતા, જ્યારે મસ્જિદની બહાર ભારે ભીડ સૂત્રોચ્ચાર કરતી જોવા મળી હતી. મંગળવારે બપોરે ચંદૌસી સ્થિત સિવિલ જજ સિનિયર ડિવિઝન આદિત્ય સિંહની કોર્ટમાં રજૂ કરાયેલા દાવા પર કોર્ટે સંભલની જામા મસ્જિદના એડવોકેટ કમિશનનો આદેશ જારી કર્યો હતો. આ પછી, મંગળવારે સાંજે એડવોકેટ કમિશનની ટીમ મસ્જિદનો સર્વે કરવા માટે પોલીસ વહીવટી અધિકારીઓ સાથે જામા મસ્જિદ પહોંચી હતી. અહીં એડવોકેટ કમિશન તેમજ હિન્દુ પક્ષ અને મુસ્લિમ પક્ષના વકીલોની હાજરીમાં મસ્જિદની અંદર વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવામાં આવી હતી. આ પછી ટીમે લગભગ બે કલાક સુધી સર્વે કર્યો.

# હોટલમાં ૫ કરોડ રૂપિયાની વહેંચણી કરવાનો આરોપ વિનોદ તાવડેએ ફગાવ્યો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૦

ભારતીય જનતા પાર્ટીના મહાસચિવ વિનોદ તાવડેએ મતદારોને પ્રભાવિત કરવા માટે નાણાંની વહેંચણીના આરોપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે તેઓ નિયમોથી સારી રીતે વાકેફ છે અને રાજકીય વિરોધીઓની હોટલમાં આ પ્રકારની પ્રવૃત્તિઓ વિશે વિચારૂં તેવો મૂર્ખ નથી. વિધાનસભા ચૂંટણીના કલાકો પહેલા, બહુજન વિકાસ આઘાડી



નેતા હિતેન્દ્ર ઠાકુરે મંગળવારે તાવડે પર મતદારોને આકર્ષવા માટે મુંબઈથી ૬૦ કિમી દૂર વિરારમાં એક હોટલમાં ૫ કરોડ રૂપિયા વહેંચવાનો આરોપ લગાવ્યો હતો. એમવીએ નેતાઓના દાવા વચ્ચે કે રૂ. ૫ કરોડ રોકડ વહેંચવામાં આવ્યા હતા, એક ચૂંટણી અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે હોટલના રૂમમાંથી રૂ. ૯.૯૩ લાખ રોકડ મળી આવ્યા હતા. તાવડેએ અહીં પત્રકારોને કહ્યું, ‘‘વિવાંતા હોટેલ (વિરાર, પાલઘરમાં) ઠાકુરોની છે. હું તેમની હોટેલમાં જઈને ત્યાં પૈસા વહેંચુ તેવો મૂર્ખ નથી.‘

# બાંગ્લાદેશ-ભારત વચ્ચે આવતા મહિને ઢાકામાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાશે


નવીદિલ્હી,તા.૨૦

બાંગ્લાદેશમાં અવામી લીગ સરકારના પતન બાદ આવતા મહિને ડિસેમ્બરમાં રાજધાની ઢાકામાં ઉચ્ચ સ્તરીય બાંગ્લાદેશ-ભારત સમિટ યોજાવા જઈ રહી છે. બાંગ્લાદેશમાં ચાલી રહેલા તણાવ બાદ બંને દેશો વચ્ચે આ પ્રથમ ઉચ્ચ સ્તરીય સત્તાવાર બેઠક હશે. આ બેઠકનું નેતૃત્વ બાંગ્લાદેશના વિદેશ સચિવ જશીમ ઉદ્દીન અને ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી કરશે. આ બેઠકમાં હાલની સમજૂતીઓના વિકાસ અને અગાઉની બેઠકોમાં લીધેલા નિર્ણયો અંગે ચર્ચા કરવામાં આવશે. બાંગ્લાદેશમાં અવામી લીગ સરકારના પતન બાદ આવતા મહિને ડિસેમ્બરમાં રાજધાની ઢાકામાં બાંગ્લાદેશ-ભારતની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાવા જઈ રહી છે. બાંગ્લાદેશમાં ચાલી રહેલા તણાવ બાદ બંને દેશો વચ્ચે આ પ્રથમ ઉચ્ચ સ્તરીય સત્તાવાર બેઠક હશે.

# મણિપુરમાં છ લોકોની હત્યાના દોષિતો જલ્દી પોલીસ કસ્ટડીમાં હશે : બિરેન સિંહ

(એચ.એસ.એલ),ઈમ્ફાલ,તા.૨૦

મણિપુરના મુખ્યપ્રધાન એન બિરેન સિંહે ગયા અઠવાડિયે શંકાસ્પદ કુકી આતંકવાદીઓ દ્વારા છ લોકોની હત્યા અંગે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે જ્યાં સુધી ગુનેગારોને ન્યાયના ઠેકાણે લાવવામાં નહીં આવે ત્યાં સુધી તેમની સરકાર આરામ કરશે નહીં. તેમણે કહ્યું કે ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકોના હત્યારાઓને પકડવા માટે સર્ચ ઓપરેશન ચાલી




રહ્યું છે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે મહિલાઓ અને બાળકોની હત્યા માનવતા વિરુદ્ધનો ગુનો છે. સિંઘે બુધવારે રાત્રે ‘X‘ પર શેર કરેલા એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, ×આજે હું ત્રણ નિર્દોષ બાળકો અને ત્રણ નિર્દોષ મહિલાઓને જીરીબામમાં બંધક બનાવ્યા પછી તેમની ક્રૂર હત્યાની નિંદા કરવા આવ્યો છું.× મુખ્યમંત્રીએ કહ્યું, ‘‘આવા બર્બર કૃત્યોને કોઈ પણ સંસ્કારી સમાજમાં સ્થાન નથી. હું તમને આશ્વાસન આપું છું કે આ આતંકવાદીઓની શોધ ચાલુ છે અને તેઓને ટૂંક સમયમાં ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે.‘‘

# રાજસ્થાનનાં પાલીમાં એમ્બ્યુલન્સ અને ડમ્પર વચ્ચે અકસ્માતમાં ૪ લોકોનાં મોત

જયપુર,તા.૨૦

રાજસ્થાનના પાલી જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે. મંગળવારે રાત્રે લગભગ ૨ વાગ્યે એક ઝડપી ડમ્પરે એમ્બ્યુલન્સને ટક્કર મારી હતી. અકસ્માતમાં બે મહિલાઓના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. ૪ લોકો ગંભીર રીતે ઘાયલ



થયા હતા, જેમાંથી વધુ ૨ લોકોના સારવાર દરમિયાન મોત થયા હતા. રોહત પોલીસ સ્ટેશનના અધિકારી નિરંજન સિંહે જણાવ્યું કે દર્દી અશોકને એમ્બ્યુલન્સમાં અમદાવાદથી જોધપુર લાવવામાં આવી રહ્યો હતો. તેમના પરિવારના સભ્યો પણ તેમની સાથે હતા. સિંહના કહેવા પ્રમાણે, ગજાનગઢ પાસે અચાનક રસ્તા પર પશુઓ આવી ગયા અને એમ્બ્યુલન્સ સાથે ડમ્પર અથડાયું. અકસ્માત એટલો ગંભીર હતો કે ટક્કર બાદ મહિલાઓ લગભગ ૮ ફૂટ દૂર રોડની બાજુની ઝાડીઓમાં પડી ગઈ હતી. આ ઘટનાની માહિતી મળતાં જ પોલીસ અને હાઈવે એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને મહિલાઓ અને અન્ય લોકોને તાત્કાલિક બાંગર હોસ્પિટલમાં લઈ ગયા હતા, પરંતુ ત્યાં સુધીમાં બંને મહિલાઓના મોત થઈ ચૂક્યા હતા.

# પી ચિદમ્બરમને એરસેલ-મેક્સિસ કેસમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર રાહત મળી

નવીદિલ્હી,તા.૨૦

દિલ્હી હાઈકોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નોંધાયેલા એરસેલ-મેક્સિસ કેસમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમ વિરુદ્ધ ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર સ્ટે આપ્યો હતો. હાઈકોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ને પણ નોટિસ પાઠવી હતી અને મની લોન્ડરિંગ કેસમાં એજન્સી દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટને ધ્યાનમાં લેતા ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી ચિદમ્બરમની




અરજી પર તેનો જવાબ માંગ્યો હતો. જસ્ટિસ મનોજ કુમાર ઓહરીએ કહ્યું, ×નોટિસ જારી કરવામાં આવી છે. અરજદાર સામેની કાર્યવાહી આગામી સુનાવણી સુધી સ્થગિત કરવામાં આવશે.

# ન્યુઝીલેન્ડના લોકોએ ખાલિસ્તાની સમર્થકોનો વિરોધ કર્યો

વેલીંગટન,તા.૨૦

કેનેડા બાદ ખાલિસ્તાન સમર્થકોએ ભારત વિરોધી એજન્ડા ફેલાવવા ન્યુઝીલેન્ડને પસંદ કર્યું હતું. પ્રતિબંધિત આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસે ન્યુઝીલેન્ડમાં ૧૭



નવેમ્બરે ખાલિસ્તાન જનમતનું આયોજન કર્યું હતું. આ દરમિયાન ખાલિસ્તાન સમર્થકોએ ભારત વિરુદ્ધ નારા લગાવ્યા હતા અને ખાલિસ્તાનનો ઝંડો લહેરાવ્યો હતો. પરંતુ ખાલિસ્તાનીઓની આ કાર્યવાહીથી ન્યુઝીલેન્ડના સ્થાનિકો નારાજ થયા હતા. ન્યુઝીલેન્ડના લોકોએ જ ખાલિસ્તાનીઓનો વિરોધ કર્યો હતો. જે જગ્યાએ જનમત સંગ્રહ થઈ રહ્યો હતો, ત્યાં ન્યુઝીલેન્ડનો એક નાગરિક માઈક લઈને પહોંચ્યો અને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો.

ન્યુઝીલેન્ડનો એક વ્યક્તિ વિરોધ કરી રહ્યો હોવાનો એક વિડિયો સામે આવ્યો છે, જેમાં તે માઈક પકડીને ખાલિસ્તાનીઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યો છે અને તેમને ન્યુઝીલેન્ડ છોડવા માટે કહી રહ્યો છે. તે વ્યક્તિએ કહ્યું, ‘તમારી હિંમત કેવી રીતે થઈ કે અહીં આ ધ્વજ લહેરાવ્યો.’ તેણે હાકલ કરી કે, તમારા દેશમાં પાછા જાઓ. તમારા વિદેશી એજન્ડાને મારા દેશમાં ન લાવો.

# કેજરીવાલે ટ્રાયલ સંજ્ઞાન આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો

નવીદિલ્હી,તા.૨૦

ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે દિલ્હી હાઈકોર્ટમાં એક્સાઈઝ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ચાર્જશીટને સંજ્ઞાન લેવાના ટ્રાયલ કોર્ટના આદેશને પડકાર્યો છે. આ કેસમાં કેજરીવાલ સુપ્રીમ કોર્ટ દ્વારા વચગાળાના જામીન પર બહાર છે. કેજરીવાલ નીચલી કોર્ટના આદેશને રદ કરવા અને કાર્યવાહી રોકવા માટે હાઈકોર્ટ પાસેથી નિર્દેશ માંગી રહ્યા છે. આ અરજી પર આવતીકાલે સુનાવણી થવાની [illegible] છે.

અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે ટ્રાયલ કોર્ટના જજે પીએમએલએની કલમ ૩ હેઠળના ગુનાની સંજ્ઞાન લેવામાં ભૂલ કરી હતી, જે પીએમએલએની કલમ ૪ હેઠળ સજાપાત્ર છે. અરજદારની કાર્યવાહી માટે સીપીસીની કલમ ૧૯૭ (૧) હેઠળ અગાઉની મંજૂરી લેવામાં આવી ન હતી. ગુના સમયે અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી હતા. ૧૨ નવેમ્બરના રોજ, હાઈકોર્ટે કથિત એક્સાઈઝ કૌભાંડ સંબંધિત





એજન્સીના મની લોન્ડરિંગ કેસના સંબંધમાં તેમને જારી કરાયેલા સમન્સને પડકારતી આપ નેતા અરવિંદ કેજરીવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના સંબંધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) નો જવાબ માંગ્યો હતો. અરવિંદ કેજરીવાલ હાલમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન સંબંધિત બંને કેસમાં જામીન પર બહાર છે. આ બાબતો દિલ્હીની આબકારી નીતિ (૨૦૨૧-૨૨) સાથે સંબંધિત છે, જે હવે સમાપ્ત થઈ ગઈ છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ મુજબ, આપ નેતાઓને ફાયદો પહોંચાડવા અને કાર્ટેલની રચનાને પ્રોત્સાહન આપવા માટે આબકારી નીતિ જાણી જોઈને છટકબારીઓ સાથે ઘડવામાં આવી હતી. ઈડીએ આપ નેતાઓ પર કોવિડ-૧૯ વિક્ષેપો દરમિયાન મુક્તિ, લાઈસન્સ ફી માફી અને રાહત સહિત પ્રેફરન્શિયલ ટ્રીટમેન્ટના બદલામાં દારૂના વેપારીઓ પાસેથી લાંચ લેવાનો આરોપ મૂક્યો હતો.

ઈડીએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે ×કૌભાંડ×માં, ૧૨ ટકા માર્જિન સાથે જથ્થાબંધ દારૂના વિતરણના અધિકારો ખાનગી સંસ્થાઓને ૬ ટકાના કિકબેકના બદલામાં આપવામાં આવ્યા હતા. વધુમાં, આપ નેતાઓ પર ૨૦૨૨ ની શરૂઆતમાં પંજાબ અને ગોવામાં ચૂંટણીના પરિણામોને પ્રભાવિત કરવાનો આરોપ હતો.

# પાકિસ્તાન સાથે વાતચીતનો પહેલો મુદ્દો આતંકવાદનો અંત : ભારતીય રાજદૂત

વોશિંગ્ટન,તા.૨૦

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂતે કહ્યું છે કે પાકિસ્તાન સાથે વાતચીત ત્યારે જ શરૂ થઈ શકે છે જ્યારે પાકિસ્તાન સીમા પારના આતંકવાદને સંપૂર્ણપણે ખતમ કરે. ભારતીય રાજદૂતે કહ્યું કે ભારત સીમા પારના આતંકવાદનો શિકાર છે અને આતંકવાદ પ્રત્યે અમારી ઝીરો ટોલરન્સની નીતિ છે. ભારતીય રાજદૂતે કહ્યું કે પાકિસ્તાન સાથે અમારો મુખ્ય મુદ્દો આતંકવાદ છે.



કોલંબિયા યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ એન્ડ પબ્લિક અફેર્સ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની થીમ ‘રેસ્પોન્ડિંગ ટુ મેજર ગ્લોબલ ચેલેન્જિસઃ ધ ઈન્ડિયા વે‘ હતી. આ કાર્યક્રમમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત પાર્વતનેની હરીશે પણ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં જ્યારે ભારતીય રાજદૂતને પાકિસ્તાન વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, ‘વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન સાથે સંપર્ક કરવાનો અને વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતમાં પાકિસ્તાન દ્વારા ચાલી રહેલી આતંકવાદી ગતિવિધિઓએ વિશ્વાસને તોડી નાખ્યો છે. પાકિસ્તાન સાથેની વાતચીતમાં પહેલો મુદ્દો આતંકવાદનો અંત છે અને આ મહત્ત્વનો મુદ્દો છે.

# ભારતીય બ્લાઈન્ડ ક્રિકેટ ટીમે પણ પાકિસ્તાન સાથે રમવાનો ઈન્કાર કર્યો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૦

આવતા વર્ષે પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ આયોજિત થવાની છે. જેમાં ભાગ લેવા માટે ભારતીય ક્રિકેટ ટીમે પાકિસ્તાનની ધરતી પર પગ મુકવાની ના પાડી દીધી છે. ભારત સરકારની પરવાનગી ન મળતાં બીસીસીઆઈએ આ મોટો નિર્ણય લીધો છે. આવી સ્થિતિમાં ચેમ્પિયન્સ ટ્રોફીના સંગઠન પર તલવાર લટકી રહી છે. આ દરમિયાન પાકિસ્તાન માટે વધુ એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. હકીકતમાં ટીમ ઈન્ડિયા બાદ ભારતીય બ્લાઈન્ડ ક્રિકેટ ટીમે પણ પાકિસ્તાન જવાનો ઈન્કાર કરી દીધો છે. આ ટીમ પાકિસ્તાનમાં યોજાનાર ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેવાની હતી પરંતુ ભારત સરકારે સુરક્ષાની ચિંતાઓને કારણે ટીમને પાકિસ્તાન જવાની મંજૂરી આપી ન હતી. રાષ્ટ્રીય મહાસંઘે ૧૯ નવેમ્બરે આ માહિતી આપી હતી. પાકિસ્તાન બ્લાઈન્ડ ક્રિકેટ કાઉન્સિલે ગયા અઠવાડિયે સ્પષ્ટ કર્યું હતું કે શું ભારતે તેની ટીમને વર્લ્ડ કપ માટે પાકિસ્તાન મોકલવી જોઈએ કે નહીં પરંતુ આ સ્પર્ધા સમયસર જ થશે. તેનાથી કોઈ ફરક નહીં પડે.

# સંગીતકાર એઆર રહેમાને ૨૯ વર્ષ બાદ છૂટાછેડા લીધા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૦

ફેમસ સિંગર એઆર રહેમાનના છૂટાછેડાના સમાચારે તેમના ફેન્સને આશ્ચર્યચકિત કરી દીધા છે. ૫૭ વર્ષીય સિંગર પત્ની સાયરા બાનુથી અલગ થઈ રહ્યા છે. આ વિશે સાયરાના વકીલે જણાવ્યું છે. વકીલ વંદના શાહે એક સત્તાવાર નિવેદન જાહેર કરીને એઆર રહેમાન-સાયરાના છૂટાછેડા વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, ૨૯ વર્ષ પછી શું થયું કે કપલે આ



નિર્ણય લીધો છે. નોંધનીય છે કે, એઆર રહેમાનને ત્રણ બાળકો છે.

સાયરા બાનુએ એઆર રહેમાનથી છૂટાછેડા વિશે જણાવ્યું. તેના વકીલ વંદનાએ એક નિવેદન જાહેર કરીને કહ્યું કે, ‘લગ્નના ઘણા વર્ષો પછી, સાયરા બાનુ માટે આ ખૂબ જ મુશ્કેલ નિર્ણય છે કે તે તેના પતિ એઆર રહેમાનથી અલગ થઈ રહી છે. બન્નેએ આ નિર્ણય ત્યારે લીધો જ્યારે ભાવનાત્મક તણાવ થયો. એકબીજાને પ્રેમ કરતા હોવા છતાં બન્નેને સમજાયું છે કે તેમની વચ્ચે કેટલો તણાવ અને મુશ્કેલીઓ વધી રહી છે. હવે આ અંતરને પાર કરવું શક્ય નહોતું. આવી સ્થિતિમાં સાયરાએ આ વાત પર ભાર મૂક્યો અને આ મુશ્કેલ નિર્ણય લીધો. તેમણે વિનંતી કરી છે કે દરેક વ્યક્તિ તેની ગોપનીયતાનું ધ્યાન રાખે.

### યુનિવર્સિટીનાં વીસીને રાજ્ય પોલીસ વડાએ પત્ર લખી અપીલ કરી

# રાજ્યની તમામ યુનિવર્સિટી-કોલેજોમાં હવે હેલ્મેટ ફરજિયાત કરવા પત્ર

અમદાવાદ,તા.૨૦

પોલીસ સ્ટેશન અને સરકારી કચેરીઓ બાદ હવે રાજ્યની તમામ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને ફરજિયાત હેલ્મેટ પહેરાવવા માટે સરકારી યુનિવર્સિટીનાં વીસીને રાજ્ય પોલીસ વડાએ પત્ર લખી અપીલ કરી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે મોટા ભાગના વિદ્યાર્થીઓ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોમાં અવર-જવર માટે ટુ-વ્હીલનો ઉપયોગ કરે છે. આથી, તેમણે ફરજિયાત હેલ્મેટ પહેરવા સૂચન કરવામાં આવે અને હેલ્મેટ પહેરવા અંગે પ્રોત્સાહિત કરવામાં આવે. આ સિવાય હેલ્મેટ વગર કર્મચારીને પણ યુનિવર્સિટીમાં પ્રવેશ ના આપવા માટે જણાવવામાં આવ્યું



છે. પાછળ બેસનારાને પણ હેલ્મેટનો નિયમ લાગુ પડશે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા તમામ યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલરોને ફરજિયાત હેલ્મેટના નિયમની અમલવારીને લઈને એક પત્ર લખવામાં આવ્યો છે, જેમાં યુનિવર્સિટીમાં ટુ-વ્હીલર પર આવતા-જતાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને ફરજિયાત હેલ્મેટ પહેરાવવા માટે વિનંતી કરવામાં આવી છે.

# આરોગ્ય વિભાગની સૌથી મોટી ભરતી : ૨,૦૦૦થી વધુ જગ્યાઓ પર GPSC ભરતી કરશે

અમદાવાદ, તા.૨૦

GPSC દ્વારા આરોગ્ય વિભાગની સૌથી મોટી ભરતી અંગે જાહેરાત કરવામાં આવી છે. જાહેરાત મુજબ આરોગ્ય વિભાગમાં આગામી સમયમાં ૨,૦૦૦થી પણ વધુ ભરતી કરવામાં આવશે. ભરતી અંગેની સંપૂર્ણ માહિતી GPSC દ્વારા વેબસાઈટ પર મૂકવામાં આવી છે. આ જાહેરાત અંતર્ગત ૧૫૦૦ જેટલા ડૉક્ટરની ભરતી




કરવામાં આવશે. આ સિવાય જનરલ સર્જનની ૨૦૦ જગ્યા ભરવામાં આવશે. ફિઝિશિયનની ૨૨૭ જગ્યા, ગાયનેકોલોજિસ્ટની ૨૭૩ જગ્યા પર ભરતી કરાશે તેમજ વીમા અધિકારીની ૧૪૭ જગ્યા પર ભરતી કરાશે. લાયકાત ધરાવતા તમામ ઉમેદવાર તમામ પોસ્ટ માટે ગુજરાત જાહેર સેવા આયોગની વેબસાઈટ પર ઓનલાઈન જ અરજી કરી શકશે. ૨૧ નવેમ્બર, ૨૦૨૪ બપોરે ૧ વાગ્યાથી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ રાત્રે ૧૧.૫૯ સુધી ઓનલાઈન જ અરજીઓ કરી શકે છે. આ સાથે જ

**આવતીકાલથી ઓનલાઈન અરજી કરી શકાશે**

જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેમ કે ઉંમર, ઉંમરમાં છૂટછાટ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, પગાર, અરજી કરવાની ફી, ઓનલાઈન અરજી કરવાની રીત અને ભરતીના નિયમો વેબસાઈટ પર જ વાંચી શકે છે.

# આજથી સોમનાથ ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ચિંતન શિબિર યોજાશે

ગીર સોમનાથ, તા.૨૦

તા.૨૧થી તા.૨૩ દરમિયાન રાજ્યના મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાની ૧૧મી ચિંતન શિબિર રિક્લેમ સાઈટ, સોમનાથ મંદિર પાસે, ગીર સોમનાથ જિલ્લામાં યોજાવાની છે, જેમાં કેબિનેટ મંત્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીઓ તથા ઉચ્ચ કક્ષાના અધિકારીઓ




મળીને કુલ- ૧૯૭ જેટલા શિબિરાર્થીઓ ભાગ લેવાના છે. એમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના તમામ શિબિરાર્થીઓ આવતીકાલે તા.૨૧ના રોજ કેશોદ એરપોર્ટ ખાતે પધારવાના છે. ઉલ્લેખનીય છે કે સરકારની ચિંતન શિબિર બાદ ગમે ત્યારે પાલિકા-પંચાયતની ચૂંટણીઓ જાહેર થશે, જેથી આ ચિંતન શિબિરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે પણ ચિંતન થઈ શકે છે.

# પાંચ અધિકારીઓ સામે ચાલ્યો સરકારનો ડંડો, ફરજિયાત નિવૃત્ત કરી ઘરે બેસાડી દેવાયા

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા છેલ્લા કેટલાક સમયથી ઘણા કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરવામાં આવી રહ્યાં છે. જે કર્મચારીઓ સામે કોઈ ખાતાકીય કે ફોજદારી કેસમાં તપાસ ચાલુ હોય તેવા કિસ્સામાં ઘણા કર્મચારીઓને ફરજિયાત નિવૃત્તિ અપાવી ઘરે બેસાડી દેવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વધુ પાંચ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરી દેવાનો હુકમ કરવામાં આવ્યો છે. નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા પાંચ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ પાંચ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. જે પાંચ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે તે અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવી રહ્યાં હતા. આ પાંચેયને તાત્કાલિક અસરથી ફરજિયાત નિવૃત્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે જશવંતસિંહ મગનભાઈ પરમારને



ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. જે વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ વિભાગમાં ફરજ બજાવી રહ્યાં હતા. આ સિવાય પ્રદિપભાઈ વજાભાઈ ડામોર જે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં કામ કરી રહ્યાં હતા. આ સિવાય શૈલેષભાઈ દેસાઈને પણ ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. આ સિવાય બાબુભાઈ રામભાઈ દેસાઈ, જે સુજલામ સુફલામ વર્તુળ-૨ હેઠળ કામ કરી રહ્યાં હતા, તેમને પણ ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. આ સિવાય અરવિંદભાઈ ભીખુભાઈ માહલા, જે સુરત સિંચાઈ વિભાગમાં કાર્ય કરતા હતા તેને પણ ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે.

### હવામાન વિભાગે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદની સંભાવના પણ વ્યક્ત કરી

# રાજ્યમાં આગામી દિવસોમાં ધ્રુજાવી દેતી ઠંડીની શરૂઆત થશે

અમદાવાદ,તા.૨૦

ગુજરાતમાં હવે ઠંડી દિન પ્રતિદિન વધી રહી છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાનની સાથે સાથે મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૩ દિવસથી તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. દરમિયાન, હવામાન વિભાગે માહિતી આપી છે



કે રાજ્યમાં ટૂંક સમયમાં કડકડતી ઠંડી શરૂ થવાની છે. આ સાથે હવામાન વિભાગે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદની સંભાવના પણ વ્યક્ત કરી છે. ઠંડીને લઈને હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આગામી ૫ થી ૭ દિવસ સુધી તાપમાનમાં વધારો રહેશે. પરંતુ તે પછી તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વડોદરામાં ૧૭, અમરેલીમાં ૧૭, રાજકોટમાં ૧૭.૨ તાપમાન નોંધાયું છે.

# સાંસદ રાજેશ ચુડાસમાએ જવાબદારી લેતા સોમનાથ ખાતે કોળી સમાજના આંદોલનનો અંત



ગીર સોમનાથ, તા.૨૦

સોમનાથ મંદિર નજીક વેણેશ્વર વિસ્તારમાં કોળી સમાજની જમીનને લઈ સર્જાયેલા વિવાદમાં કોળી સમાજના ચાલી રહેલ આંદોલનનો તંત્ર અને સાંસદની મધ્યસ્થીથી અંત આવ્યો છે. સોમનાથના ધારાસભ્ય અને કોળી સમાજના આગેવાન વિમલ ચુડાસમાની આગેવાનીમાં શરૂ થયેલ આંદોલનનો કોળી સમાજના જ આગેવાન અને વર્તમાન સાંસદ રાજેશ ચુડાસમાએ જવાબદારી લેતા અંત આવ્યો હતો. સોમનાથ મંદિર નજીક વેણેશ્વર વિસ્તારમાં કોળી સમાજના યુવાનો દ્વારા ગાયોની સારવાર સાથે ગૌશાળા ચલાવવામાં આવતી હતી. કોળી સમાજનો દાવો છે કે ૧૯૯૩માં સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા આ જમીન કોળી સમાજને ઠરાવ કરી ફાળવેલ છે. પરંતુ થોડા દિવસ પૂર્વે આ ગૌશાળા અને રામદેવજી મંદિર દૂર કરવા સોમનાથ ટ્રસ્ટ સાથે વહીવટી તંત્રએ પેરવી કરતાં કોળી સમાજમાં આક્રોશ સર્જાયો હતો.

















